RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 114* Date: 20.02.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## આતંકીઓએ ધોળાદિવસે ભરબજારમાં પોલીસ ટીમ પર હુમલો કરતા ખળભળાટ

# શ્રીનગરમાં આતંકીઓનું અંધાધૂંધ ફાયરિંગ: બે પોલીસકર્મી શહિદ

### જમ્મુ-કાશ્મીરનાં શોપિયાં અને બડગામમાં એન્કાઉન્ટર, ત્રણ આતંકીઓ ઠાર, એસપીઓ શહિદ, આતંકી સીસીટીવી કેમેરામાં કેદ, આતંકી હુમલાની જવાબદારી આતંકી સંગઠન ટીઆરએફે લીધી




*શ્રીનગર,તા.૧૯*

જમ્મુ-કાશ્મીરમાં શ્રીનગરના બાગત બારજુલ્લા વિસ્તારમાં આતંકીઓએ ધોળાદિવસે ભરબજારમાં પોલીસ ટીમ પર હુમલો કરી દીધો. હુમલામાં બે જવાન શહીદ થઈ ગયા છે. જો કે હજુ તેના પર કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. પોલીસે વિસ્તારની ઘેરાબંધી કરીને સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું છે. એક શંકાસ્પદ પણ પકડાયો છે. ઘટનાના સીસીટીવી ફૂટેજ સામે આવતા સનસની મચી ગઇ છે.

વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે એક આતંકી એકે-૪૭ લઈ બજારમાં ઘૂસે છે અને ત્યાં ઉભેલા પોલીસકર્મી પર પાછળથી ધડાધડ ગોળીઓ વરસાવી દે છે. ત્યારબાદ તે ત્યાંથી ભાગવા લાગ્યો. મીડિયા રિપોર્ટ પ્રમાણે આ હુમલાની જવાબદારી આતંકી સંગઠન ટીઆરએફે લીધી છે.

શ્રીનગરમાં શુક્રવારના રોજ બપોરે આતંકીઓની તરફથી કરાયેલ ફાયરિંગમાં પોલીસના બે જવાન ઘાયલ થયા હતા જેમને હોસ્પિટલમાં દાખલ કરાયા. સારવાર દરમ્યાન બંનેને ડૉકટર્સે મૃત જાહેર કરી દીધા.

આની પહેલાં દક્ષિણ કાશ્મીરના બાદીગામ, શોપિયાંમાં આજે મોડી રાત્રે શરૂ થયેલી સશસ્ત્ર અથડામણમાં સવાર પડતા લશ્કર-એ-તોયબાના ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા હતાં. અથડામણ બાદ સુરક્ષાબળોએ આસપાસના વિસ્તારોમાં સર્ચ ઓપરેશન હાથ ધરી દીધુ હતું. બડગામ જીલ્લાના જાનીગામ બીરવાહમાં ચાલી રહેલી અથડામણમાં જમ્મૂ-કાશ્મીર પોલીસના એસપીઓ શહીદ થયા હતાં જ્યારે અન્ય પોલીસકર્મી ઘાયલ થયા હતાં.

દક્ષિણ કાશ્મીરના શોપિયાં જિલ્લાના બડગામના હોમહિના ગામમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહીતી મળી હતી. જેને લઈને સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. સુરક્ષા દળોએ આખા ગામને ઘેરી લઇ તમામ ઘરની તપાસ શરૂ કરી હતી. ગામમાં આવવા-જવાના તમામ રસ્તાઓ સીલ કરી દેવામાં આવ્યા હતાં.

ચારેકોરથી ઘેરાઈ ગયા બાદ આતંકવાદીઓએ સુરક્ષા દળો પર આડેધડ ગોળીબાર શરૂ કરી દીધો હતો. સુરક્ષા દળોએ આ ગોળીબારનો જડબાતોડ જવાબ આપ્યો હતો. શુક્રવારની સવાર પડતા સુરક્ષા દળોએ ૩ આતંકવાદીઓને ઠાર માર્યા હતા.

આઈજીપી કાશ્મીર વિજય કુમારે જાણકારી આપતા કહ્યું હતુ કે, શોપિયામાં સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે થયેલી અથડામણમાં લશ્કર-એ-તૈયબાના ત્રણ આતંકીઓ માર્યા ગયા હતાં. કાશ્મીર ઝોન પોલીસના જણાવ્યાં પ્રમાણે આતંકીઓ સાથે એક્રાઉન્ટરમાં ૧ પોલીસકર્મી પણ શહીદ થયો છે. જમ્મુ અને કાશ્મીર પોલીસના એસપીઓ મોહમ્મદ અલ્તાફે શહાદત વ્હોરી. એક પોલીસકર્મી ઘાયલ પણ થયો છે. ઘાયલ પોલીસકર્મીનું નામ મંજૂર અહેમદ છે.

સુરક્ષાદળોએ અથડામણના સ્થળેથી ૨ એકે-૪૭ અને એક પિસ્તોલ જપ્ત કરી છે. સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ અથડામણને ધ્યાનમાં રાખી શોપિયા જિલ્લામાં ઈન્ટરનેટ સર્વિસ હાલ બંધ કરાઈ હતી. માર્યા ગયેલા આતંકીઓની ઓળખ થઈ ગઈ હતી. તેઓ લશ્કર એ તૈયબાના હતા અને કાશ્મીરમાં અશાંતિ ફેલાવવા માટે કામ કરી રહ્યા હતા.

ઘાયલ જવાનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. હાલ તો સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. માર્યા ગયેલ આતંકીઓની ઓળખ નથી થઇ શકી. કાશ્મીર ઝોન પોલીસના જણાવ્યા અનુસાર શહીદ એસપીઓનું નામ મોહમ્મદ અલ્તાફ છે.

## કેટલાક ભણેલા લોકો દુનિયામાં હિંસા ફેલાવે છે: વડાપ્રધા મોદી



ન્યુ દિલ્હી,તા.૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળની વિશ્વભારતી યૂનિવર્સિટીના દિક્ષાંત સમારોહમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પીએમ મોદીએ કોઈનું પણ નામ લીધા વગર ટૂલકિટ ષડયંત્ર રચનારાઓ પર બરાબરનું નિશાન તાક્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી રમેશ પોખરિયાલ નિશંક અને રાજયપાલ જગદીપ ધનખડ હાજર રહ્યાં હતાં. પશ્ચિમ બંગાળની વિશ્વભારતી યૂનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં પીએમ મોદીએ કહ્યું હતુ કે, ગુરૂદેવ રવીન્દ્રનાથ ટાગોરે જે ધરોહર માં ભારતીને સોંપી છે તેનો ભાગ બનવું મારા માટે પ્રેરક છે. તેમને કહ્યું હતું કે, બંગાળના ઈતિહાસમાં ભારતના સમૃદ્ધ જ્ઞાન-વિજ્ઞાનને આગળ વધારવામાં દેશને નેતૃત્વ પુરૂ પાડ્યું છે. બંગાળ એક ભારત-શ્રેષ્ઠ ભારતનું જન્મસ્થળ રહ્યું છે અને કર્મસ્થળ પણ. કોઈનું નામ લીધા વગર જ ટૂલકિટ મામલે પીએમ મોદીએ બરાબરનું સંભળાવતા કહ્યું હતું કે, કેટલાક ભણેલા-ગણેલા લોકો દુનિયામાં હિંસા ફેલાવી રહ્યાં છે.

પીએમ મોદીએ વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું કે, ગુરૂદેવ ટાગોર માટે વિશ્વ ભારતી માત્ર જ્ઞાન મેળવવાની જ સંસ્થા નથી. પણ તે ભારતીય સંસ્કૃતિના શીર્ષસ્થ લક્ષ્ય સુધી પહોંચવાનો એક પ્રયાસ છે. આ લક્ષ્યને અમે 'સ્વયંને પ્રાપ્ત કરવા' કરીએ છીએ. વિદ્યાર્થીઓને તમે માત્ર એક યૂનિવર્સિટીનો જ ભાગ નથી પણ એક જીવંત પરંપરાનો હિસ્સો છો.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, વિદ્યાર્થીઓનું જ્ઞાન માત્ર તમારૂ જ જ્ઞાન નથી પણ સમાજ અને દેશની ધરોહર છે. આ માત્ર વિચારધારાનો પ્રશ્ન નથી પણ માઈંડસેટનો પણ વિષય છે. પીએમ મોદીએ કહ્યું હતું કે, જે દુનિયામાં આતંક ફેલાવી રહ્યાં છે તેમાંથી ઘણા બધા સારૂ ભણેલા અને આવડત ધરાવનારાઓ છે પરંતુ ફરક છે તો માત્ર તેમની વિચારધારનો. બીજી બાજુ એવા પણ લોકો છે જે કોરોના જેવી મહામારીમાંથી દુનિયાને મુક્તિ અપાવવા માટે દિવસરાત પ્રયોગશાળાઓમાં મહેનત કરી રહ્યાં છે. તમારૂ જ્ઞાન, તમારી સ્કિલ, એક સમાજને, એક રાષ્ટ્રને ગૌરવાન્વિત પણ કરે છે અને તે સમાજને બદનામી અને બર્બાદીના અંધકારમાં પણ ધકેલી શકે છે.

## સતત ૧૧માં દિવસે પેટ્રોલ-ડીઝલના ભાવમાં થયો વધારો

ન્યુ દિલ્હી,તા.૧૯

પેટ્રોલ અને ડીઝલના પ્રતિદિવસ ચિંતાજનક રીતે વધતા જઈ રહ્યા છે. આગામી દિવસમાં ગુજરાતમાં પણ પેટ્રોલ અને ડીઝલના ભાવ સદી ફટકારી શકે તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. તો દેશના કેટલાક વિસ્તારોમાં તો પેટ્રોલ સદી ફટકારી ચૂક્યું છે તો ડીઝલ પણ સદી ફટકારવા તરફ વધી રહ્યું છે.

દેશમાં આજે સતત ૧૧મા દિવસે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો ઝીંકાયો છે. શુક્રવારે દિલ્હીમાં પેટ્રોલ ૩૧ પૈસા પ્રતિ લીટર વધીને ૯૦.૧૯ રૂપિયા પર પહોંચી ગયો. જ્યારે ડીઝલ પણ ૩૩ પૈસા વધારા સાથે ૮૦.૬૦ રૂપિયા પ્રતિ લીટર પર પહોંચી ગયું છે. હાલમાં લગભગ દરેક શહેરમાં બંને ઈંધણોના ભાવ ઓલ ટાઈમ હાઈ પર ચાલી રહ્યા છે. નોંધનીય છે કે પેટ્રોલ-ડીઝલના ભાવની સીધી અસર મોંઘવારી પર પડે છે.

જણાવી દઈએ કે, કેન્દ્રની મોદી સરકારે પેટ્રોલ-ડીઝલના ભાવ વધવા પાછળ પાછલી સરકારોને જવાબદાર ઠેરવીને પોતાના હાથ ઉંચા કરી લીધા છે. પીએમ મોદીએ મધ્યમવર્ગના લોકોની ચિંતા કરતાં કહ્યું કે, પાછલી સરકારોએ યોગ્ય પગલાઓ ભર્યા હોત તો આજે મધ્યમ વર્ગને આટલી મોંઘવારીનો સામનો કરવો પડ્યો ના હોત. જેથી આગામી દિવસોમાં પેટ્રોલ-ડીઝલના ભાવોમાં રાહત મળવાના કોઈ સંકેત દેખાઈ રહ્યાં નથી. મોદી સરકારે પેટ્રોલ-ડીઝલ પર લગાવેલા ટેક્સને ઘટાડે તેવી કોઈ જ શક્યતાઓ જોવાઈ રહી નથી. તો બીજી તરફ આંતરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં હજું પણ વધારો થાય તેની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

મોદી સરકારે ૨૦૨૧માં જ એક્સાઈઝ ડ્યુટીમાં ૧૯ વખત વધારો કર્યો છે. પાછલા વર્ષે આંતરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલનો ભાવ (૨૧ ડોલર પ્રતિ બેરલ) મીનરલ વોટર કરતાં પણ ઓછો હોવા છતાં તેનો ફાયદો મધ્યમ વર્ગને આપવાની જગ્યાએ સરકારે ટેક્સમાં વધારો ઝીકીને પોતાની તિજોરીઓ ભરવાનું કામ કર્યું હતું.

### અમારી કોરોનિલ દવા વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમાણિત: રામદેવ

## યોગગુરૂ બાબા રામદેવે કોરોનાની આયુર્વેદિક દવા લોન્ચ કરી

ન્યુ દિલ્હી,તા.૧૯

યોગગુરૂ બાબા રામદેવે કોરોનાની નવી દવા લોન્ચ કરી છે. પતંજલિનો દાવો છે કે નવી દવા પર તથ્યો આધારિત છે. આ દવા લોન્ચ કરતા સમયે સ્ટેજ પર કેન્દ્રિય મંત્રી ડો. હર્ષવર્ધન અને કેન્દ્રિય મંત્રી નીતિન ગડકરી પણ હાજર રહ્યા હતા.

આ દરમિયાન બાબા રામદેવે કહ્યું, હેલ્થના ક્ષેત્રમાં ભારત આત્મનિર્ભર અને ગ્લોબલ લીડર બની રહ્યું છે. યોગ અને આયુર્વેદને આપણે વૈજ્ઞાનિક પ્રામાણિકતા સાથે સ્થાપિત કરવાની કોશિશ કરી રહ્યા છીએ. પતંજલીએ ઘણા રિસર્ચ પેપર અત્યાર સુધીમાં પબ્લિસ કર્યા છે. આપણે યોગ ક્રિયાઓને વૈજ્ઞાનિક તથ્યોની સાથે દુનિયાની સામે રાખ્યું છે.

બાબા રામદેવે કહ્યું, જ્યારે અને કોરોલીન દ્વારા લાખો લોકોને જીવનદાન આપવાનું કાર્ય કર્યું ત્યારે ઘણા લોકોએ સવાલો ઉઠાવ્યા હતા, કેટલાક લોકોના મનમાં એવુ રહે છે કે રિસર્ચ તો માત્ર વિદેશમાં જ થાય છે. ખાસ કરીને આયુર્વેદના રિસર્ચને લઈને લોકોના મનમાં ઘણી શંકાઓ રહે છે. પરંતુ હવે અમે લોકોની બધી શંકાઓ દૂર કરી છે. કોરોલિનથી લઈને અમે ઘણી વિવિધ બિમારીઓ ઉપર રિચર્સ કર્યું છે.

બાબા રામદેવે દાવો કર્યો છે કે, પતંજલિ ઈન્સ્ટિટ્યૂટની આ દવા વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન દ્વારા સર્ટિફાઈડ છે. દાવો છે કે ડબલ્યુએચઓએ તેને જીએમપી એટલે કે 'ગૂડ મેન્યૂફેક્ચરિંગ પ્રેક્ટિસ' નું સર્ટિફિકેટ આપ્યું છે. રામદેવે કહ્યું કે, આ દવા એવિડેંસ બેસ્ડ છે. રામદેવા આ પ્રસંગે એક રિસર્ચ બૂક પણ લોન્ચ કરી હતી. તેમણે કહ્યું કે, કોરોનિલના સંદર્ભમાં નવ રિસર્ચ પેપર દુનિયાના સૌથી પ્રભાવશાળી રિસર્ચ જર્નલ્સમાં પ્રકાશિત થઈ ચુક્યા છે. ૧૬ રિસર્ચ પેપર પાઈપલાઈનામાં છે.

તો બીજી તરફ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું, પતંજલિના સંશોધનથી લોકોને ફાયદો તો થશે જ પરંતુ વૈજ્ઞાનિકરૂપથી આ કામ કરવા માટે બાબા રામદેવ અને આચાર્ય બાલકૃષ્ણનો ધન્યવાદ કરૂ છુ. જેહવે વૈજ્ઞાનિક આધાર લઈને ફરીથી લોકોની વચ્ચે આવ્યા છે. તો નિશ્ચિત પણે લોકોનો વિશ્વાસ વધુ વધશે.

## લદ્દાખમાં ભારત-ચીન સેના વચ્ચે આજે ૧૦મા તબક્કાની વાતચીત થશે

ન્યુ દિલ્હી,તા.૧૯

લદ્દાખમાં પેંગોંગ ઝીલ પાસે ભારત અને ચીનના સૈનિકોની વાપસીની પ્રક્રિયા વચ્ચે કાલે ફરીથી બંને દેશોની કોર કમાંડર સ્તરની વાતચીત થવાની છે. સેનાના સૂત્રોના જણાવ્યા મુજબ આ વાતચીત વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચીન તરફથી મોલ્ડોમાં થશે જ્યાં ૯માં દોરની પણ વાત થઈ હતી અને સેનાઓની વાપસી પર ઠોસ સંમતિ બની શકી હતી. આ વાતચીત કાલે સવારે ૧૦ વાગે થશે. સેનાના સૂત્રોના જણાવ્યા મુજબ આ દોરની વાતચીતમાં બંને દેશની સેના પેંગોંગ ઝીલના દક્ષિણ અને ઉત્તર કિનારે સેનાઓની વાપસી બાદ બાકી તણાવવાળી જગ્યાએથી સેનાની વાપસી માટે ચર્ચા કરશે.

તમને જણાવી દઈએ કે મંગળવારે જ ભારતીય સેનાએ વીડિયો અને ફોટો જાહેર કરીને બતાવ્યુ હતુ કે પેંગોંગ ઝીલ વિસ્તારમાંથી કેવ રીતે ચીનની સેના પાછી જઈ રહી છે. તેણે ત્યાં બનાવેલા પોતાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ હટાવી લીધા છે એવા ફોટા સામે આવી ચૂક્યા છે. માહિતી મુજબ એ ફોટા પેંગોંગ ઝીલના ઉત્તર કિનારે અને દક્ષિણ કિનારાના કૈલાશ રેંજના છે. ફોટામાં તેમના તૂટેલા બંકર અને અસ્થાયી ઢાંચા જેસીબી અને હાથેથી પણ હટાવવામાં આવી રહ્યા હતા.

બંને દેશોની સેનાઓ વચ્ચે જે સંમતિ બની છે તે મુજબ બંનેએ મે, ૨૦૨૦વાળી સ્થિતિમાં પાછુ જવાનુ છે. સેનાઓની વાપસીની આ પ્રક્રિયા બંને સેનાઓના નિરીક્ષણમાં થઈ રહી છે અને જો ૧૦માં દોરની વાતચીતમાં સંમતિ બની તો માનવામાં આવી શકે છે કે પહેલા દોરમાં સેનાઓની વાપસીનુ કામ લગભગ પૂરુ કરવામાં આવી ચૂક્યુ છે. કારણકે સેનાના એક અધિકારીએ જણાવ્યુ કે પેંગોંગ પાસે સેનાઓની વાપસીની ખાતરી થઈ ગયાના ૪૮ કલાક બાદ જ કોર-કમાંડર સ્તરની આગલા દોરની વાત થશે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યા:૨૬૬

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૨૬૬૫૬૩

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુ: ૦૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૨૭૭

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૨૬૦૫૭૫

## વડાપ્રધાન મોદીનો તાબડતોડ પ્રચાર: બે સપ્તાહમાં પાંચ રાજ્યોમાં પ્રચાર કરશે

ન્યુ દિલ્હી,તા.૧૯

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીને લઈને વડાપ્રધાન મોદી બે અઠવાડિયામાં બે વાર પશ્ચિમ બંગાળમાં પ્રચારમાં જોડાશે તેવું આયોજન ભાજપ દ્વારા કરવામાં આવ્યું છે.

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીને લઈને વિવિધ પાર્ટીઓનો પ્રચાર પુરજોશમાં શરૂ છે. ભારતીય જનતા પાર્ટીઆ વખતે બંગાળમાં એડીચોટીનું જોર લગાવી રહી છે. પશ્ચિમ બંગાળમાં ચૂંટણી પ્રચારમાં BJPએ વડાપ્રધાન મોદી દ્વારા પાર્ટીનો પ્રચાર કરવાનો માસ્ટર પ્લાન બનાવી લીધો છે. વડાપ્રધાન મોદી બે અઠવાડિયામાં બે વાર પશ્ચિમ બંગાળમાં પ્રચારમાં જોડાશે તેવું આયોજન ભાજપ દ્વારા કરવામાં આવ્યું છે

પશ્ચિમ બંગાળમાં પ્રચાર માટે ભાજપના માસ્ટરપ્લાન મુજબ વડાપ્રધાન મોદી બે અઠવાડિયામાં બે વાર બંગાળનો પ્રવાસ કરશે. વડાપ્રધાન મોદી ૨૨ ફેબ્રુઆરીએ નોઆપારાથી દક્ષિણેકેશ્વર સુધીના શહેરના ઉત્તર-દક્ષિણ મેટ્રો કોરિડોરને લીલી ઝંડી બતાવશે. આ જ દિવસે એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે કે વડાપ્રધાન મોદી હુગલીમાં એક જનસભામાં સંબોધન કરશે. ૭ માર્ચે વડાપ્રધાન મોદી બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડમાં જનસભામાં સંબોધન કરશે એવું અનુમાન કરવામાં આવી રહ્યું છે. આ જનસભા ભાજપાની પ્રચાર માટેની વિવિધ રથયાત્રાઓના એક સાથે સમાપન સમારોહના સ્વરૂપે યોજાશે. ભાજપાની આ પ્રચાર રથયાત્રાઓ ૨૯૪ વિધાનસભા વિસ્તારોમાં ફરીને આવશે. એક ભાજપા નેતાએ કહ્યું કે રાજયના બધા વિસ્તારના નેતાઓને ૭મી માર્ચ પહેલા તેમની રથયાત્રા પૂર્ણ કરવા કહેવામાં આવ્યું છે. રાજ્ય અને કેન્દ્રીય અને કેન્દ્રીય મંત્રીઓ અને ભાજપના ટોચના નેતાઓ સહિત ભાજપના કાર્યકરો બ્રિગેડ રેલીમાં ઉપસ્થિત રહેશે જયાં વડાપ્રધાન મોદી તેમને સંબોધન કરશે.

## તંત્રી સ્થાનેથી...

# ચૂંટણીમાં રસોડા ખુલ્યા પરંતુ મતદાન થવા પર જીતનો આધાર....!

**દેશમાં કોરોના કેસોમાં ઘટાડો થતો જઈ રહ્યો છે છતાં કાચબા ગતિએ નવા કેસો સામે આવી રહ્યા છે દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩,૧૯૩ કોરોના નવા કેસ સામે આવતા કુલ કોરોના કેસોની સંખ્યા ૧,૦૯,૬૩,૩૯૪ પર પહોંચી ગઈ છે જોકે સારવાર હેઠળ ૧,૩૬૪૨૨ દર્દી છે. વધુ ૧૦,૨૪૧ સાજા થતા સાજા થનારની સંખ્યા ૧,૦૬,૬૬,૭૪૧થઈ છે.જ્યારે વધુ ૯૭ ના મોત થતા કુલ મૃતાક ૧,૫૬,૧૧૧ થયો છે. જ્યારે કે મહારાષ્ટ્રમાં નવા કેસ વધી રહ્યા છે તે જોતા ઉધ્ધવ સરકારે અમરાવતી માં શનિવાર રાત્રીથી સોમવાર સવારે સુધી લોકડાઉન જાહેર કર્યું છે. મહારાષ્ટ્રમાં બુધવારે ૪,૪૮૭ નવા કેસ સામે આવ્યા તે પૈકી અમરાવતી, અકોલા અને યવતમાનમાં વધુ કેસ મળી આવતા સરકારે અમરાવતી માં લોકડાઉન, જ:હેર કરવા સાથે ,યવતમાલમા કડક નિયંત્રણ સાથે શાળા-કોલેજો ૨૮ ફખબ્રુઆરી સુધી બંધ રાખવા આદેશ આપી દીધા છે. તો અકોલામાં પણ નિયમ લાદી દીધા છે. જોકે લોકડાઉન બાબતે તંત્ર વિચારણા કરી રહ્યું છે. જ્યારે ગુજરાતમાં આણંદ ખાતે એક સપ્તાહમાં ૩૭ નવા કેસ નોંધાયા છે અને ૫૦ વ્યક્તિ હોમ કોરેન્ટાઈન છે ત્યારે આરોગ્ય તંત્રની ઊંઘ ઉડાડવા યુવાનોએ હલ્લા બોલ કરતા આરોગ્ય તંત્રએ તપાસ કરવા સાથે દવા આપવા ટીમો ઉતારી દીધી છે તે સાથે આમ પ્રજાએ સ્વયંભૂ લોકડાઉન જાહેર કર્યું છે.ત્યારે આવા સમયે કર્ણાટક હાઈ કોર્ટે એક અરજી અનુસંધાને ટીકા કરતાં કહ્યું કે રાજકીય પક્ષોની રેલીઓ દરમિયાન કોવિડ ૧૯ નિયમોનુ પાલન કરવામાં આવતું નથી તે શરમજનક છે તેમ કહી નારાજગી વ્યક્ત કરી છે....છતા રાજકીય ક્ષેત્રે તેની અસર દેખાતી નથી....!**

**ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં જે તે વિસ્તારોમા ઉમેદવારો દ્વારા રસોડા ચાલુ થઈ ગયા છે જે સાથે સાંજ પછી ચૂંટણી કાર્યાલયો નજીક ફાફડા- જલેબી, ગોટા-ભજીયા, ચોળાફળી, દાબેલીના સેન્ટરો શરૂ થઈ જાય છે તો ચાની લારી પણ ગાજતી થઇ જાય છે... અને કાર્યકરો આવા નાસ્તા કરી ખાઈ પીને મોજ માણે છે. બીજી તરફ મતદારોમાં ચૂંટણી ઉત્સાહ ઓસરી ગયો છે કારણકે સોશિયલ મીડિયા પર ઉમેદવાર સાથે મહીલાઓની મારા મારીના વિડીયો, ઉમેદવારો સાથેની હાથાપાઈનો વિડીયો, ઉમેદવાર ઉમેદવાર વચ્ચેના ઝઘડાનો વિડીયો, ધારાસભ્ય પર સેક્સ માણી હુકરાવી દીધી હોવાના આક્ષેપનો વિડીયો ઉપરાંત જે તે સમયના કોર્પોરેટર તથા બળવાખોર ઉમેદવારનો વિડીયો, બળવાખોરોના પક્ષ વિરોધના વિડીયો વાયરલ થયા છે.ઉપરાત પેટ્રોલ-ડીઝલ રાંધણગેસના ભાવ વધારા સામે પ્રજામાં ભારે આક્રોશ છે. આમ પ્રજાજનોમાં આવી બાબતોને કારણે ભારે વિરોધ ફરી વળ્યો છે તે કારણે મતદાન ઓછું થાય તેવી સંભાવના વધી પડી છે.....!જો કે ભાજપાએ ગ્રામ્યથી લઈને શહેરની ચૂંટણીમાં ૨૮૧ બેઠકો બિન હરિફ મેળવી લીધી છે એટલે કોંગ્રેસ માટે કપરા ચઢાણ પણ હોઈ શકે ....! છતા મતદાન થવા પર મોટો આધાર છે....!?**

# મુંબઈમાં કોરોનાના નિયમો વધુ કડક કરાયા, ક્વોરન્ટાઇન નહીં થાય તો થશે જેલ

મુંબઇ,તા.૧૯

મહારાષ્ટ્રમાં કોરોનાના કેસોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. કોરોનાને રોકવા માટે તંત્ર દોડતું થયું છે ત્યારે હોમ ક્વોરન્ટાઇન અને સીલ બિલ્ડિંગના ઉલ્લંઘન કરનારાઓને સજા આપવામાં આવી શકે છે. બીએમસીએ હોમ ક્વોરન્ટાઈનના નિયમ તોડનારા વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવા અને પછી તેમને અનિવાર્ય ઈન્સ્ટીટ્યૂશનલ ક્વોરન્ટાઇન માટે મોકલવાનો નિર્ણય કર્યો છે.

કોવિડ ૧૯ પોઝિટિવ લોકોના હાઈ રિસ્કવાળા કોન્ટેક્ટ જો હોમ ક્વોરન્ટાઇન નહીં થાય તો તેમને મુંબઈમાં છ મહિનાની જેલ અથવા ઓછામાં ઓછું ૨૦૦ રૂપિયા દંડ ભરવું પડી શકે છે. મુંબઈમાં ગુરુવારે ૭૩૬ નવા કેસો નોંધાયા હતા અને ત્રણ લોકોના મોત થયા હતા. જે લગભગ ૬ જાન્યુઆરી બાદ સૌથી વધુ કેસ છે. જ્યારે મુંબઈમાં કુલ કેસોની સંખ્યા ૩,૧૬,૪૮૭ થઈ ગઈ છે. જ્યારે ૧૧,૪૩૨ લોકો અત્યાર સુધી મોતને ભેટ્યાં છે. સક્રિય કેસોની સંખ્યા ૪,૭૮૨ થઈ ગઈ છે.

કોરોનાના વધતાં કેસોને જોતાં મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં જનતા કર્ફ્યૂ લદાયો છે. ત્યાં શનિવારે સાંજે છ વાગ્યાથી સોમવારે સવારના આઠ વાગ્યા સુધી જનતા કર્ફ્યૂ રહેશે. બીજી બાજુ, યવતમાલ, અમરાવતી અને અકોલામાં કોરોનાના કેસોની સંખ્યામાં વધારો જોવા મળી રહ્યો છે.

# ટાઈમ મેગેઝિનના પ્રતિભાશાળી ૧૦૦ યુવાનોની યાદીમાં ૫ ભારતીયોનો સમાવેશ

ન્યૂયોર્ક,તા.૧૯

પ્રતિષ્ઠિત ટાઈમ મેગેઝિને પ્રતિભાશાળી યુવાનોની યાદીમાં પાંચ ભારતીય કે ભારતીય મૂળના યુવાઓનો સમાવેશ કર્યો હતો. ધ ૨૦૨૧ ટાઈમ-૧૦૦ નેક્સ્ટ નામનું લિસ્ટ ટાઈમે જાહેર કર્યું હતું, જેમાં ભારતીય મૂળના બ્રિટિશ નાણામંત્રી ઋષિ સૂનકથી લઈને યુપીના દલિત નેતા ચંદ્રશેખર આઝાદ સહિતના પાંચ ભારતીયોને સ્થાન મળ્યું હતું.

ટાઈમ મેગેઝિનના એડિટોરિયલ ડિરેક્ટર ડેન મેક્સેઈએ લિસ્ટ રજૂ કરતા કહ્યું હતું. આ યાદીમાં સામેલ પ્રતિભાશાળી યુવા નેતાઓ પોત-પોતાના ક્ષેત્રમાં ઈતિહાસ સર્જી રહ્યા છે. અથવા કહો કે ઘણાંએ તો અત્યારે જ ઈતિહાસ સર્જી દીધો છે. આવા લોકો ભવિષ્ય માટે કાર્ય કરી રહ્યા છે.

ટાઈમ-૧૦૦ અંતર્ગત જ આ યાદી જાહેર કરવામાં આવી હતી. એ સિલસિલામાં ભવિષ્ય માટે કાર્યરત પ્રતિભાશાળી યુવા લીડર્સના નામ સાથે તેમના કામનો પરિચય અપાયો હતો.

આ યાદીમાં ટ્વિટરના ટોચના વકીલ વિજયા ગડ્ડે, બ્રિટનના નાણામંત્રી ઋષિ સૂનક, ઈન્સ્ટાકાર્ટના સીઈઓ અપૂર્વા મહેતા, સંસૃથા ગેટ અસ પીપીઆઈના અધિકારી શિખા ગુપ્તા અને ભીમ આર્મીના નેતા ચંદ્રશેખર આઝાદનો સમાવેશ કરાયો હતો. ટાઈમે સૌથી વધુ પ્રશંસા ઋષિ સૂનકની કરી હતી. ટાઈમે કહ્યું હતું કે ઋષિ બ્રિટનમાં બેહદ લોકપ્રિય છે અને લોકો તેને ભવિષ્યના વડાપ્રધાન કલ્પી રહ્યા છે. ચંદ્રશેખર આઝાદ માટે કહેવાયું હતું કે તે શિક્ષણ આપીને દલિતોની ગરીબી નાબુદ કરવા પ્રયાસો કરે છે. આ દલિત નેતા ખૂબ આક્રમક છે અને ભેદભાવ સામે લડત આપે છે.

### અમેરિકામાં ગ્રીન કાર્ડ મેળવવાનું આસાન બનશે

# બાઈડને સંસદમાં અમેરિકન નાગરિકતા બિલ-૨૦૨૧ રજૂ કર્યું



વૉશિંગ્ટન,તા.૧૯

અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડને મોટું પગલું ઉઠાવતા સંસદમાં અમેરિકન નાગરિકતા બિલ ૨૦૨૧ રજૂ કર્યું છે. જો આ કાયદો બને છે તો આનાથી હજારો ભારતીય આઈટી પ્રોફેશનલ્સને ફાયદો થશે. આના દ્વારા રોજગાર આધારિત ગ્રીન કાર્ડ માટે કોઈ દેશના પ્રવાસીઓની સંખ્યા સીમિત કરવા પર પહેલા લગાવવામાં આવેલો પ્રતિબંધ ખત્મ કરવામાં આવશે. કાયદો બન્યા બાદ એચ-૧ બી વિઝા ધારકોના આશ્રિતોને પણ કામ કરવાની પરવાનગી મળશે. અમેરિકામાં ટેકનોલોજીના ક્ષેત્રે કામ કરનારા હજારો ભારતીયોને પણ આનો ફાયદો થશે. સંસદના બંને ગૃહ પ્રતિનિધિ સભા અને સીનેટમાં બિલ પસાર થવા અને રાષ્ટ્રતિ જો બાઈડનની સહી થયા બાદ કાયદો બનવાથી દસ્તાવેજ વગર રહેતા અને કાયદેસર રીતે દેશમાં આવેલા લાખો લોકોને નાગરિકતા મળવાનો રસ્તો ખુલશે. સીનેટર બૉબ મેનેંડેઝ અને પ્રતિનિધિ સભાની સભ્ય લિંડા સાંચેઝે સંવાદદાતાઓને કહ્યું કે, અમેરિકન નાગરિકતા કાયદા ૨૦૨૧માં ઈમિગ્રેશન સુધારાની જોગવાઈ કરી છે. આ મહત્વપૂર્ણ પગલાને અંતર્ગત ગ્રીન કાર્ડ માટે ૧૦ વર્ષથી વધારે સમયથી ઈંતઝાર કરી રહેલા પ્રોફેશનલ્સને કાયદેસર રીતે સ્થાયી રીતે રહેવાની મંજૂરી મળી જશે.

આ કાયદો બનવાથી સૌથી વધારે ફાયદો ભારતીયોને થશે. બાઈડને ૨૦ જાન્યુઆરીના શપથ લીધા બાદ આ બિલને સંસદ માટે મોકલી દીધું હતુ. આ અંતર્ગત રોજગાર આધારિત પેન્ડિંગ વિઝાને મંજૂરી આપવામાં આવશે. પ્રત્યેક દેશ પર વિઝા માટે લગાવવામાં આવેલી મર્યાદા પણ ખત્મ કરવામાં આવશે અને વેઈટિંગ ટાઈમ પણ ઘટાડવામાં આવશે. આ બિલમાં આવા લગભગ ૧૧ મિલિયન ઈમિગ્રેન્ટ્સને પણ નાગરિકતા આપવાની વાત કહેવામાં આવી છે, જે ગેરકાયદેસર રીતે અમેરિકામાં રહી રહ્યા છે. આમના માટે ૮ વર્ષની સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. આમાં એ લોકો પણ સામેલ છે જે શરણાર્થી છે અને અમેરિકામાં રહી રહ્યા છે.

બિલમાં અમેરિકન વિશ્વવિદ્યાલયોથી જીઈસ વિષયના ડિગ્રી ધારકોને અમેરિકામાં રહેવાનો રસ્તો પણ સરળ બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે. ઉલ્લેખનયી છે કે જીઈસ (વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત) વિષયોમાં ડિગ્રી માટે અમેરિકન વિશ્વવિદ્યાલયોમાં સૌથી વધારે વિદ્યાર્થી ભારતના જ છે. બંને ગૃહમાં સત્તારૂઢ ડેમોક્રેટિક પાર્ટીના બહુમત છે. જો કે ઉપરના ગૃહમાં બિલને પસાર કરવા માટે પાર્ટીને ૧૦ રિપલબ્લિકન સભ્યોના સમર્થનની જરૂર રહેશે.

## રાજસ્થાનમાં સેનાએ હેલિના એન્ટી ટેક્ન મિસાઇલનું પરીક્ષણ કર્યું

જયપુર,તા.૧૯

રાજસ્થાનમાં ભારતીય સેના અને એરફોર્સે સંયુક્ત રીતે હેલિના એન્ટી ટેક્ન મિસાઈલનુ પરીક્ષણ કર્યુ છે. ડીઆરડીઓના કહેવા પ્રમાણે આ મિસાઈલોને એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર ધ્રુવમાંથી લોન્ચ કરવામાં આવી હતી.એક પછી એક ચાર મિસાઈલેનુ પરીક્ષણ મિસાઈલની ઓછામાં ઓછી સાત કિલોમીટર અને વધારેમાં વધારે રેન્જની ચકાસણી કરવા માટે થયુ હતુ.

ડીઆરડીઓના અધિકારીઓના કહેવા પ્રમાણે આ પરીક્ષણ માટે જુની પુરાણી ટેક્નને ટાર્ગેટ તરીકે રાખવામાં આવી હતી.પરીક્ષણ સફળ રહ્યુ હતુ. એન્ટી ટેક્ન ગાઈડેડ મિસાઈલનો ઉપયોગ સેના દુશ્મન ટેક્નો પર હુમલો કરવા માટે કરે છે. હેલિના મિસાઈલ ત્રીજી પેઢીનુ એન્ટી ટેક્ન મિસાઈલ છે અને તે ફાયર અને ફરગેટ સિસ્ટમ પર કામ કરે છે. મતબલ કે મિસાઈલને એક વખત લોન્ચ કરવામાં આવે તે પછી તે પોતાની ગાઈડન્સ સિસ્ટમનો ઉપયોગ કરીને નિશાન પર પ્રહાર કરે છે. આ મિસાઈલ્સને ભારતમાં જ બનેલા ધ્રુવ હેલિકોપ્ટર પર ફિટ કરાઈ છે.જે રાતે પણ પ્રહાર કરવા માટે સક્ષમ છે.

# ચીનનું કબૂલનામુંઃ ગલવાનના હિંસક ઘર્ષણમાં ૪ સૈનિક માર્યા ગયા હતા

બેઈજિંગ,તા.૧૯

ચીની સૈન્ય પીપલ્સ લિબરેશન આર્મીએ પહેલીવાર ગલવાન ઘાટીમાં થયેલા લોહિયાળ સંઘર્ષમાં માર્યા ગયેલા સૈનિકોની સંખ્યા જાહેર કરી દીધી છે. જોકે ચીને આ દાવામાં પણ હળહળતુ જુઠ્ઠાણું ચલાવ્યું છે. પીએલએએ દાવો કર્યો છે કે, આ સંઘર્ષમાં તેના ૪ સૈનિકો માર્યા ગયા હતાં અને એક નદીના પાણીમાં તણાઈ ગયો હતો. જ્યારે અન્ય એક ગંભીર રૂપે ઘાયલ થયો હતો.

ચીની સેનાએ ભારત પર સમજુતિની શરતોનું ઉલ્લંઘન કરવાનો પણ આરોપ લગાવ્યો હતો. જોકે થોડા દિવસ પહેલા જ રશિયાની સમાચાર એજન્સીએ ખુલાસો કર્યો હતો કે, ગલવાન ઘાટીમાં થયેલી અથડામણમાં ૪૫ ચીની સૈનિકો માર્યા ગયા હતાં. ચીને આ ખુલાસો ત્યારે કર્યો છે જયારે પેંગોગ લેક પરથી બંને દેશોની સેના પીછેહટ કરી રહી છે.

ચીની સેનાએ ગલવાન ઘાટીમાં ભારતીય જવાનોના હાથે માર્યા ગયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી હતી અને એક વીડિયો પણ જાહેર કર્યો હતો. ચીને માર્યા ગયેલા ૫ સૈનિકોના નામ પણ જાહેર કર્યા હતાં. ચીની સેનાએ કહ્યું હતું કે, આ સૈનિકોએ રાષ્ટ્રીય સંપ્રભુતા અને પોતાની જમીનની રક્ષા કરતા પોતાના પ્રાણની આહુતિ આપી હતી. માયા ગયેલા ચીની સૈનિકોમાં એક બટાલિયન કમાંડર અને ત્રણ સૈનિકો હતા. સંઘર્ષ દરમિયાન ચીની સેનાના રેજિમેંટલ કમાંડર ગંભીર રૂપે ઘાયલ થયો હતો.

ચીની રિપોર્ટ મુજબ, ચીની કેન્દ્રીય સૈન્ય આયોગે કારાકોરમ પર્વત પર તૈનાત રહેલ ૫ ચીની શહીદોના બલિદાનને યાદ કર્યા છે. તેણે લખ્યું છે – આ છે પીએલએ શિનજિયાંગ મિલિટ્રી કમાન્ડના રેજિમેન્ટલ કમાન્ડર ક્યૂઈ ફબાઓ, ચેન હૉગુન, જિયાંગગૉન્ગ, જીઓ સિયુઆન અને વાંગ જુઓરન. તેમાંથી ચારની મોત ગલવાન અથડામણમાં થઈ હતી. જયારે એકનું મોત રેસ્ક્યુ સમયે નદીમાં વહી જતા થયુ હતું.

રશિયાની જાણીતી સમાચાર એજન્સી તાસે પૂર્વ લદ્દાખની ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણને લઈને સનસનાટીપૂર્ણ ખુલાસો કર્યો હતો. તાસે જણાવ્યું હતું કે, આ અથડામણમાં ઓછામાં ઓછા ૪૫ ચીની સૈનિકો માર્યા ગયા હતાં.

### મસ્કની સંપત્તિમાં ૧૧૦૦ કરોડ ડોલરની વૃદ્ધિ થઈ

# ટેસ્લાના માલિક એલન મસ્ક ફરી દુનિયાના સૌથી અમીર વ્યક્તિ બન્યા

વોશિંગ્ટન,તા.૧૯

અમેરિકન કાર નિર્માતા કંપની ટેસ્લા અને સ્પેસએક્સના માલિક અલન મસ્ક ફરીથી દુનિયાના સૌથી અમિર વ્યક્તિ બની ગયા છે.

બે દિવસ પહેલા એલન મસ્કને પાછળ છોડી એમેઝોનના ફાઉન્ડર જેફ બેજોસ પહેલા નંબર પર આવી ગયા હતા. જો કે હવે એલન મસ્કે એક વાર ફરી દુનિયાના સૌથી ધનવાન વ્યક્તિ બન્યા છે. એલનની સંપત્તિ રોકેટની જેમ વધી રહી છે. એલનની સંપત્તિ ૧૯૯.૯ બિલિયન ડોલર થઈ ગઈ છે. હવે બેજોસ નંબર ૨ પર ઘસી ગયા છે. બેજોસની સંપત્તિ ૧૯૪.૨ બિલિયન ડોલર છે.

એલન મસ્તની રોકેટ કંપની સ્પેસએક્સએ આ મહિને રોકાણકારોના સમૂહ સેકિયા કેપિટલથી એક અને ૮૫૦ મિલિયન ડોલર રોકાણ ભેગુ કર્યુ છે.

આ બાદ એલન મસ્કની સંપત્તિમાં ૧૧૦૦ કરોડ ડોલરની વૃદ્ધિ થઈ છે. ઈન્ડેક્સ અનુસાર કંપનીની રાફઉન્ડ વેલ્યૂ લગભગ ૭૪ બિલિયન ડોલર છે. ઓગસ્ટની સરખામણીએ ૬૦ ટકા વધારો થયો છે. મસ્કની કુલ સંપત્તિ લગભગ ૧૧ બિલિયન ડોલર વધારવામાં મદદ કરી. મસ્કની સંપત્તિ વધીને ૨૦,૦૦૦ કરોડ ડોલર એટલે કે ૧૪.૮૦ લાખ કરોડ થઈ ગઈ છે. ગત ૨૪ કલાકમાં તેમની સંપત્તિ ૯૨૦ કરોડ ડોલર વધી ગઈ છે. ત્યારે આ વર્ષે અત્યાર સુધી તેમની સંપત્તિમાં ૩૦૨૦ કરોડ ડોલરનો વધારો થયો છે.

જેફ બેજોસની કુલ સંપત્તિ ૧૯૪૦૦ કરોડ ડોલર એટલે કે લગભગ ૧૪.૩૫ લાખ કરોડ રુપિયા છે અને આ મામલામાં તે અમીર અરબપતિઓની યાદીમાં હવે બીજામાંથી પહેલા નંબર પર આવી ગયા છે.

આ ઉપરાંત આ અઠવાડિયામાં મસ્કે સોશિયલ મીડિયા એપ કલબહાઉસ પર રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને એક ચેટ માટે આમંત્રિત કર્યા છે. ક્રેમલિનના એક પ્રવક્તાએ કહ્યું કે પુતિન સોશિયલ મીડિયાનો ઉપયોગ નથી કરતા પરંતુ તેમણે કહ્યું કે નિમંત્રાણ નિશ્ચિત રુપથી બહું રસપ્રદ હતુ.

### મંગળ પર ક્યારેક જીવન હતું જેવા અનેક પ્રશ્નનોના જવાબ મળી શકે છે

# નાસાના રોવરે મંગળની સપાટી પર સફળતાપૂર્વક લેન્ડિંગ કર્યું

*કેપ કેનવેરલ,તા.૧૯*

અમેરિકાની અંતરિક્ષ એજન્સી નાસાએ મંગળ ગ્રહ પર માર્સ પર્સિવરેંસ રોવર મોકલવામાં સફળતા પ્રાપ્ત કરી છે. અમેરિકાની અંતરિક્ષ એજન્સીએ રાત્રે લગભગ ૨:૩૦ વાગ્યે પોતાના માર્સ પર્સિવેરેંસ રોવરનો જેજેરા ક્રેટરમાં સફળતાપૂર્વક લૅન્ડ કરાવ્યું. ૬ પૈડાવાળું આ ઓવર મંગળ ગ્રહ પર ઉતરીને ત્યાં અનેક પ્રકારની જાણકારી એકત્ર કરશે અને એવા ખડકોને લઈને આવશે, જેનાથી તે પ્રશ્નોના જવાબ મળી શકશે કે શું લાલ ગ્રહ પર ક્યારેય જીવન હતું.



જેજેરા ક્રેટર મંગળ ગ્રહનું ખુબ જ દુર્ગમ સ્થળ છે. અહીં ઊંડી ઘાટીઓ અને પહાડો છે. તેની સાથે જ અહીં રેતીના ટીલા અને મસમોટા અણિદાર પથ્થર તેને વધુ ખતરનાક બનાવી દે છે. એવામાં પર્સિવેરેંસ માર્સ રોવરની લૅન્ડિંગની સફળતા પર સમગ્ર દુનિયાની નજર હતી. રોવરના મંગળ ગ્રહ પર લૅન્ડિંગની સાથે જ અમેરિકા મંગળ ગ્રહ પર સૌથી વધુ રોવર મોકલનારો દુનિયાનો પહેલો દેશ બની ગયો છે.

એવું માનવામાં આવે છે કે જેજેરા ક્રેટરમાં પહેલા નદી વહેતી હતી જે એક લેકમાં જઈને મળતી હતી. ત્યારબાદ ત્યાં પંખાના આકારનો ડેલ્ટા બની ગયો. વૈજ્ઞાનિકો તેના માધ્યમથી એ જાણવાનો પ્રયાસ કરશે કે શું મંગળ ગ્રહ પર ક્યારેય જીવન હતું.

વૈજ્ઞાનિકોનું માનવું છે કે જો ક્યારેય મંગળ ગ્રહ પર જીવન રહ્યું હતું તો તે ત્રણથી ચાર અરબ વર્ષ પહેલા રહ્યું હશે, જ્યારે ગ્રહ પર પાણી વહેતું હતું. વૈજ્ઞાનિકોને આશા છે કે રોવરથી દર્શનશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર અને અંતરિક્ષ વિજ્ઞાન સાથે જોડાયેલા અગત્યના સવાલના જવાબ મળી શકે છે. આ પ્રોજેક્ટના વૈજ્ઞાનિક કેન વિલિફોર્ડે કહ્યું કે, શું આપણે એક વિશાળ બ્રહ્માંડ રુપી રણમાં એકલા છીએ કે બીજે ક્યાંય પણ જીવન છે? શું જીવન ક્યારે પણ, ક્યાં પણ અનુકૂળ પરિસ્થિતિઓના કારણે હોય છે? નાસાના વૈજ્ઞાનિકોની બીજી સૌથી મોટી ચિંતાની વાત હતી મંગળ ગ્રહના વાયુમંડળમાં પર્સિવરેન્સ રોવરની એન્ટ્રી, તેમનું ડિસેન્ટ અને લેન્ડિંગ. આ બધા કામોમાં સાત મીનિટનો સમય લાગ્યો. આ સાત મીનિટ સુધી નાસાના સાઈન્ટિસ્ટ્સના ધબકારા પણ ધીમા ચાલી રહ્યાં હતા કેમ કે, મંગળ ગ્રહ પર પર્સિવરેન્સની લેન્ડીંગની દરેક જાણકારી ધરતી પર વૈજ્ઞાનિકોને ૧૧ મીનિટ ૨૨ સેકન્ડ પછી મળી રહી હતી.

પર્સિવરેન્સ માર્સ રોવર ૧૦૦૦ કિલોગ્રામ વજન ધરાવે છે. જ્યારે એન્જીન્યૂટી હેલિકોપ્ટર ૨ કિલોગ્રામ વજનનું છે. માર્સ રોવર પરમાણુ ઉર્જાથી ચાલે છે. એટલે પ્રથમ વખત કોઈ રોવરમાં પ્લૂટોનિયમને બળતણના રૂપમાં ઉપયોગમાં લેવામાં આવ્યો છે. આ રોવર મંગળ ગ્રહ પર ૧૦ વર્ષ સુધી કામ કરશે. જેમાં ૭ ઈંચનું રોબોટિક આર્મ, ૨૩ કેમેરા અને એક ડ્રિલ મશીન છે. જે મંગળ ગ્રહની તસવીરો, વીડિયો અને નમૂના લેશે.

# નર્મદા જયંતિ નર્મદા સ્નાન અને નર્મદા પૂજનનું વિશેષ ધાર્મિક મહત્વ

**નર્મદા તટે ૭૪ કરોડ તીર્થો આવેલા છે.નર્મદા સ્નાન અને પૂજનનું શાસ્ત્રોમાં વિશેષ ધાર્મિક મહત્વ છે.**



રાજપીપળા,તા. ૧૯

આજે નર્મદા જયંતિ ટાણે સાધુ-સંતોએ નર્મદા જયંતિ ની વિશેષ ધાર્મિક મહત્વ હોવાનું જણાવી નર્મદાને પવિત્ર સ્વચ્છ રાખવા અને નર્મદાના ઘાટની દુર્દશા સામે તંત્રનું ધ્યાન દોર્યું હતું.

આ અંગે ધનેશ્વર મંદિર માંગરોળ ના મહંત જાનકીદાસ મહારાજે જણાવ્યું હતું કે મહારાજના જણાવ્યા અનુસાર નર્મદા તટે ૬૪ કરોડ તીર્થો આવેલા છે.નર્મદા સ્નાન અને પૂજાનું શાસ્ત્રોમાં વિશેષ ધાર્મિક મહત્વ છે. નર્મદા અમરકંટક,મૈંકલ પર્વત થી નીકળેલી પાવનકારી નર્મદા દર્શન માત્રાથી જ પવિત્ર થવાય તેવી નર્મદા જટાશંકરી, રેવા જેવા અનેક નામથી જાણીતી છે.આ પવિત્ર નર્મદા આજે ગુજરાતની ધરાને પાવન કરી રહી છે. જેના દર્શનમાત્રથી પવિત્ર થવાય એવી નર્મદાનાં દર્શન અને સ્નાન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. કરવાથી સર્વ પાપ ધોવાઈ જાય છે.નર્મદા સ્નાન અને નર્મદા પૂજાનું વિશેષ ધાર્મિક મહત્વ છે.

અરે સદાનંદ મહારાજે જણાવ્યું હતું કે વિશ્વની એકમાત્ર નર્મદા નદી છે કે જેની પરિક્રમા કરવામાં આવે છે.નર્મદાની પરિક્રમા કરી પાકૃતિક આનંદ સાથે આધ્યાત્મિક અનુભૂતિ અનેક સંત-મહાત્માઓ એ કરી છે. તેનું અનેરું મહત્વ રેવા પુરાણોમાં વર્ણવેલ છે. પરંતુ સરદાર સરોવર બન્યા પછી ખડખડ નર્મદાનો પ્રવાસ સ્થિર થઈ જતાં કેવડિયા થી છેક સુધી વહેતી પુણ્ય સલિલા મા નર્મદા નદીના અસ્તિત્વ પર આધ્યાત્મિક તેમજ પ્રકૃતિક મોટો ખતરો ઉભો થયો છે આ ખતરાને નિવારવા આપણે સૌએ આગળ આવવા જણાવ્યું હતું.

નર્મદા પુત્ર સાવરીયા મહારાજે જણાવ્યું હતું કે નર્મદા ઘટના ઘટવાની ખરાબ દશા છે.માંગરોળ ધનેશ્વર મંદિરનો પાંચ ગામનો સમશાન ઘાટ સદંતર તૂટી ગયો છે.માંગરોળ ગામે કામનાથ મંદિરનું ઘાટ તૂટેલો છે.એ ઉપરાંત શહેરાવ ઘાટ,સોઢલીયાનો ઘાટ પણ તૂટી ગયો છે. વાંદરીયા ગામ નો ઘાટ પણ તૂટેલી અવસ્થામાંછે. ઉપરાંત ફૂલવાડી, સૂરજવડ નો ઘાટ પણ નથી રહ્યો વરાછા દત્ત મંદિર પાસે ઉત્તરવાહિનીનો ઘાટ પણ તૂટી ગયો છે. રામાનંદ આશ્રમ થી મણીનાગેશ્વર મંદિર પાસે મોટું કોતર છે.જે કોતર પુરવાની જરુર છે.ઉપરાંત મૌનીજી આશ્રમની બાજુમાં વાસણ ગામે નદી કિનારે કોતરનું સમારકામ કરવાની જરૂર છે.તો રીંગણની બબ્બે કોતર પુરવાની જરુર છે. જયારે કીડીમંકોડી ઘાટ પાસે કોતરમાં મોટા મોટા ખાડા પડી ગયા છે. જો પરિક્રમાવાસીઓ ચાલતાં- ચાલતાં કોતરમાં પડી પડે તો પગ ભાંગી જાય તેવી સ્થિતિ છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

# મહિલાના માથા ઉપર ટ્રકનું ટાયર ચડાવી દેતા મહિલાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજયું

રાજપીપળા,તા. ૧૯

નર્મદાના ઘંટોલી ગામની સીમમાં પાંજરી ઘાટ જંગલના વળાંક પાસે રોડ ઉપર ટ્રક ચાલકે મોટરસાયકલને અઠાડી અકસ્માત કરતા પાછળ બેસનાર મહિલાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજયું હતું.મહિલા નીચે પડી જતા મહિલાના માથામાં ઉપર ટ્રકનું ટાયર ચડાવી દેતા મહિલાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજયું.આ અંગે દેડિયાપાડા પોલીસ મથકે ફરિયાદી જયેશભાઈ રતનભાઇ વસાવા (રહે,ગાજરગોટા,ભગત ફળિયા ) એ ફૈસલ વાહેદ ખાન (રહે,કમાન મહોલ્લા ખુલ્તાબાદ,ઔરંગાબાદ, મહારાષ્ટ્ર) સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ આરોપી ફૈસલે પોતાના કબજાની ટ્રક નંબર એમએમ ૨૦ ઈએલ ૪૨૧૮ની પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી દેડીયાપાડા મુવી સ્ટેટ હાઈવે રોડ ઉપર ઘંટોલી ગામની સીમમાં પાંજરી ઘાટ જંગલ ના વળાંક પાસે રોડ ઉપર ફરિયાદી જઈને મોટરસાયકલ નંબર જીજે ૨૨ એમ ૬૭૬૦ ને પાછળથી ટક્કર મારી અકસ્માત કરેલ છે. જેમાં મોટરસાયકલ પર બેસેલ તેઓની પત્ની રેખાબેન જયેશભાઈ વસાવાની શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમજ નીચે પડી જતા રેખાબેનના માથા પર ટ્રકનું ટાયર ચડાવી દેતા રેખાબેન નું ઘટનાસ્થળે કરુણ મોત નીપજયું હતું.પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હૉટલ,ગેસ્ટહાઉસ તથા લૉજમાં રહેવા આવતા દરેક મુસાફરના હસ્તાક્ષર અને નોંધ લેવી

મોડાસા-ગુરુવાર,

ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ કેટલાક બનાવોથી જણાઈ આવેલ ચ એકે ત્રાસવાદી/ અસામાજિક તત્વો મહત્વના શહેરોમાં આવેલ ગેસ્ટહાઉસ,હૉટલ તથા લૉજમાં રોકાણ કરતાં હોય છે અને શહેરને સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિ માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તેમજ અસામાજિક પ્રવૃતિને અંજામ આપત હોય છે. આ સ્થિતિને નીવારી શકાય અથવા તો અંકુશ મૂકી શકાય તે સારું તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતી માટે ભયજનક વ્યક્તિઓ તથા આતંકવાદીઓને પકડવા તેમજ તેમને લગતી માહિતી મેળવવા અને તેમની હેરફેર અને સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે અને જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે સારું પ્રવર્તમાન આ પ્રમાણેના સૂચનોનો અમલ કરવો જરૂરી બને છે.

આર.જે. વલવી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ અરવલ્લી ફોજદારી કાર્યરીતી અધિનિયમ – ૧૯૭૩ની કલમ – ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના હદ વિસ્તાર માટે હોસ્ટેલ, ગેસ્ટહાઉસ, તથા લૉજમાં રહેવા આવનાર દરેક મુસાફરના રજીસ્ટરમાં હસ્તાક્ષર નોંધ કરવાની રહેશે. રજીસ્ટરમાં સહી સાથે પુરુષ મુસાફર્નાં ડાબા હાથના અંગૂઠાનું અને સ્ત્રી મુસાફરના જમણા હાથના અંગૂઠાનું નિશાન લેવાનું રહેશે. દરેક હૉટલ,ગેસ્ટહાઉસ તથા લોજના રિસેપ્સન કાઉન્ટર ઉપર દરેક પ્રવાસી જોઈ શકે તે રીતે રજીસ્ટરમાં દરેક મુસાફરે જાતે પોતાના સ્વહસ્તાક્ષરમાં વિગતો લખી સહી કરવાની રહેશે. ફોટો ઓળખ પત્ર રજૂ કરવું પડશે ત્યારે જ હોટલમાં પ્રવેશમાં આપવામાં આવશે. તે મુજબની જાહેરાતનું બોર્ડ મોટા અક્ષરે પ્રદર્શિત કરવાનું રહેશે. દરેક રીસેપ્સન કાઉન્ટર ઉપર સી. સી. ટી. વી. કેમેરા રાખવા જેથી પ્રવાસીના સામાન વગરેનું વિડિયો રેકોર્ડીંગ થઈ શકે, તેમજ તે ઓછામાં ઓછા-૧૦ દિવસ સાચવી રાખવાના રહેશે. દરેક પ્રવાસી-ગેસ્ટના વાહનોની સંપૂર્ણ વિગત દર્શાવતું રજીસ્ટર નિભવવાનું રહેશે. દરેક મુસાફર પોતાની સંપૂર્ણ ઓળખ, ટેલિફોન નંબર, મોબાઈલ નંબર તેમજ હોસ્ટેલ, ગેસ્ટહાઉસ, તથા લૉજના નજીકના સ્થળે રહેતા મુસાફરના પરિચિત, સગા સબંધીનું નામ સરનામું,મોબાઈલ નંબરની વિગતો રજીસ્ટરમાં નોંધવામાં આવે તે જોગવાઈ ફરજિયાત પણે કરાવવી તેમજ આ હકીકત નોંધવાની જવાબદારી હોટલ સંચાલકની રહેશે. મુસાફરના ફોટો ઓળખકાર્ડ તરીકે જેવા કે ચૂંટણીકાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ, કચેરીનું ઓળખકાર્ડ, પાસપોર્ટ વગેરેની સેલ્ફ એટેસ્ટેડ ફોટો કોપી હોટલના દફતરમાં રાખવાની રહેશે. અરવલ્લી જિલ્લાની હદમાં આવતી તમામ હૉટલ,લૉજ,ગેસ્ટહાઉસના લાયસન્સ નોંધવામાં આવેલ માલિક સિવાય કોઈએ હોટલનું સંચાલન કરવું નહીં. તેમજ આવી હૉટલ કોઈપણ પ્રકારના દિવાની હક જેવા કે ભાડે ચલાવવા આપવી, ગીરોખતથી ચલાવવા આપવી વગરે અન્ય કોઈ વ્યક્તિને સુપ્રત કરવા માટે મનાઈ જાહેર કરવામાં આવે છે.

અરવલ્લી જિલ્લાની હદમાં આવતા અરવલ્લી જિલ્લામાં આવેલ હૉટલ, ગેસ્ટહાઉસ, લૉજ ધાબાના માલિક તથા મેનેજર અને તમામ કર્મચારીઓના નામ સરનામું નજીકના સગાની વિગતો આગળાંની છાપો વગેરેની હકીકતો તેમજ આવી હોટલોની અન્ય સાથી હૉટલ, ગેસ્ટહાઉસ, લૉજ કયા કયા સ્થળે આવળેછે તેમના માલિક,સંચાલકના નામ,સરનામું,ટેલિફોન, મોબાઈલ નંબરની લેખિત માહિતી સંબંધિત પોલીસ સ્ટેશન,સબંધકર્તા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટ તથા એકઝકયુટીવ મેજીસ્ટ્રેટને ફરજિયાત આપવાની રહેશે.

દરેક મુદ્દાની લાગુ પડતાં તમામ એકમ માલિકો દ્વારા અમલ થાય તે જોવાની જવાબદારી સંબંધિત પોલીસ થાણાના અમલદારની રહશે. પોલીસ થાણા અમલદારે તેમના કાર્યક્ષેત્રમાં આવતા આ પ્રકારના એકમોની અવાર નવાર મુલાકાત લેવાની રહેશે. આ અંગે તકેદારી રાખવાની રહેશે અને મુલાકાત લીધેલ એકમોનો અહેવાલ દર માસે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રીને મોકલવાનો રહેશે.

આ જાહેરનામું ૧૫ એપ્રિલ ૨૦૨૧ સુધી ૬૦ દિવસ માટે અમલમાં રહેશે.આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મા આજે સભ્યો ની છ પદ્ય રચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વિષય : પિતા.માતા.સંતાન...સંપર્ક સૂત્રો.......

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling No : 9824653073

તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ

મુખ્ય નિર્ણાયક : જયશ્રી પટેલ

યુ ટ્યુબ ચેનલ : janfariyadnews

---

**NOG SS No : 0027**

પ્રકાર : ગદ્ય

વિષય : પત્ર

શીર્ષક : સ્વર્ગના સરનામે માને પત્ર...

વ્હાલી મા,

કેમ છે ? મજામાં ને ?

તારા ગયાં ને દસ વરસ થયાં પણ તું જરાય વિસરાઈ નથી. તારી ખોટ ખૂબ સાલે છે. આજેય તને બધાં ખૂબ યાદ કરે છે. કુટુંબીજનોનું ભેગાં થવું. ખાવું-પીવું અને આનંદ કરવો જે તને ખૂબ ગમતું એ આજેય જળવાઈ રહ્યું છે. તું જુએ છે ને...!જરૂર એ બાબત તારા આત્માને શાંતિ આપતી હશે. જ્યારે પણ બધાં ભેગાં થઈએ છીએ ત્યારે તારી કમી મહેસૂસ થાય છે. મા હોય ત્યાં સુધી જ પિયર કે મોસાળ હોય એ કહેવત સાચી સાબિત થઈ છે. તારા વગર જાણે મારું તો જીવન જ શૂન્ય થઈ ગયું છે. પણ શું ઉપાય જીવવું તો પડશે જ.

ખાસ આ વર્ષે તો શ્રાદ્ધનાં દિવસોમાં બધાંના ઘરે તને બહુ યાદ કરી. મામાના ઘરે પણ ગયાં તો ત્યાં પણ તારી ખોટ પડી. પણ જીવનચક્રને કોઈ ઉલટાવી શક્યું નથી. એમ અમે પણ તને યાદ કરી લઈએ છીએ બીજું શું કરી શકીએ.

તારા શ્રાદ્ધ નિમિત્તે બધાં ભેગાં મળી જમ્યાં ખૂબ આનંદ કર્યો. તને બહુ યાદ પણ કરી. પપ્પા તો બહુ આગ્રહ કરી કરીને બધાંને ખવડાવતા હતાં. તું ખુશ થઈ ને...!હું જાણું છું કે તને તો બહુ ગમ્યું જ હશે. ખવડાવીને ખુશ થવાનો તારો આત્મા...! આજે પણ લોકો તને ખવડાવવા બાબતે યાદ કરે છે. કદાચ પપ્પા માટે આ છેલ્લું શ્રાદ્ધ હતું એટલે જ એ ખુશી ખુશી બધાને ખવડાવતા હતા. કુદરતનો સંકેત તો હોય જ છે પણ પામર માનવી એ સમજી નથી શકતો. હવે તો પપ્પા પણ નથી રહ્યા. કોઈ પણ સ્ત્રી માટે મા-બાપનું ના હોવું એ જ બહુ મોટી બદનસીબી. હા, તારા બાળકો છીએ તો તારા વગર એકલતાં અનુભવીએ છીએ. મને તો આજેય એવું જ થાય છે કે તારા ગયાં પછી આ ધરતી પર કશું જ નથી રહ્યું. પણ તું ચિંતા ના કરતી અમે શાંતિથી ખુશ થઈને રહીએ છીએ. સારું ચાલ મળીએ પાછા સપનામાં. તારા વગર જીવનમાં જે ખાલીપણું વર્તાય છે એ કદી નહિ પૂરાય. મા સિવાય નિઃસ્વાર્થ પ્રેમ અને સહકાર કોઈ ના આપી શકે એ હર ક્ષણ અનુભવાય છે.

આવજે...જય શ્રી કૃષ્ણ...

લિ. જ્યોતિ આચાર્ય,અમદાવાદ

---

**NOG SS NO :004**

વિભાગ :ગદ્ય

વિષયઃ પ્રેમ પત્ર..

શીર્ષક :જર્જરિત પત્રો..નું અસ્તિત્વ

ઉગતી સવારે શોધતા એ અસ્તિત્વની કડી-મારો પત્ર મને જ મારા અસ્તિત્વને..!

પ્રિય જયશ્રી,

ઓહ..! જર્જરિત પત્રો...,

વાંચતા શ્રીની આંખો નરમ થઈ. છોતેરની સાલમાં આ લખાયેલા પત્રોનું પુનરાવર્તન થયું વોટ્સપનાં ચેટ પર અને મને નિર્ણય લીધો ના બિચારા બની હવે નહિ જીવાય. એજ શબ્દો ને એ જ એકરાર ને છતાં ડરપોક એ પુરૂષ! દુનિયા સાથે આગળ વધી ને ન ડરતી એ સ્ત્રી ફરી શબ્દોની માયાજાળ માં ! ના ના !ક્યાંક તો હીદ્રીહ્રીિહંરીિ!શા માટે ? બધુ જ શરતો પર ને ફરી મહાન "ત્યાગ" ના..."હું"મારું અસ્તિત્વ..નહિ જ છોડું, કરી નરમ આંખોની એ મક્કમતા એ દર્પણમાં પડતું પ્રતિબિંબ ને એ પત્રોની ગડી માવજતથી કરી "શ્રી" એ કલમ ને ફરી તેના અસ્તિત્વની કેડી પર રમતી મૂકી દીધી ને પ્રસન્ન ચિત્તે સવારનાં નવા સૂર્યોદયની રાહ જોતા પલક ઢાળી દીધી. શ્રી.

શ્રી ...! ક્યારેય રાત ને દિવસ મળી શકે ખરા?છતાં ભાગતાં દિવસ ને પકડવા ઢળતી સાંજ કેટલી કોશિશ કરે છે..?પણ દિવસ પાસે કેટલા બહાના છે..! રાત કેવી સમજું છે ઢળવા માંડે છે છતાં ઉગતા દિવસનું સ્વાગત કમળને ખિલવી ને ભમરાનાં ગુંજનથી કરે છે,પક્ષીનાં કલરવથી કરે છે,નદીને સમુદ્ર પર પડતાં રવિના કુમળા કેશરી કિરણોથી કરે છે...તેની શાંત નીરવતા ને ખંખેરી ને કરે છે...ચાંદની આભા ને શિતળતા ને ત્યજી ને કરે છે...એને દુઃખ નહિ થતું હોય....છતાં "ક્ષિતિજ" રચી ને કેવી ચુપચાપ દિવસની ચાહ છોડી દે છે...છતાં રાત "કાળી"જ કહેવાય છે....હે શ્રી..!રાત ને દિવસ ક્યારેય ભેગા નહિ થઈ શકે.ફરી એ જ પત્રની પર હાથનો સ્પર્શને એ પુરુષનું એવું અસ્તિત્વ જે રામ નથી પણ સીતાની શોધમાં છે..! ના મારે હવે પ્રેમને નામે શ્રી છેતરાવું નથી , હવે એ મારા અસ્તિત્વને ડામતાં પડછાયાઓને દૂર કરી દેવા છે..પ્રેમ પત્ર નહિ પણ જ્યાં મારું અસ્તિત્વની મહોર લગાવે તેવા પત્રની શોધમાં લાગવું છે, જેને હું નાનપણથી શોધી રહી છું..

લિ.જયશ્રી પટેલ

---

**NOG SS No : ....0019**

વિષય. પત્રલેખન

પ્રકાર..ગદ્ય

શીર્ષક...એક પત્ર જાતને

પ્રિય હું,

કેમ, આશ્ચર્ય થાય છે ને? હા, હું મારી જાતને જ આજે પત્ર લખું છું.

મજામાં છું? કેવી રીતે હોઈશ? કદી જાત સાથે વાત તો કરી નથી.બીજાનાં સ્વપ્ન પૂરાં કરવાં ખર્ચાઈ ગઈ જિંદગી.થાકીને હવે ક્યાં જવું? બે ઘર આપ્યાં મને,પણ પોતાનું એક પણ નહીં.ઘર,પરિવાર, સમાજની સાથે રહી હવે એકલી કેડી કંડારી શકીશ?

પરિવારનાં પાયાને કેટલો ભાર છે એ કોઈને ક્યાં ખબર છે?છતાં હું જાતને ચાહું છું.એકાંતમાં ફક્ત મારું જ મહત્વ રાખું છું.સાંજ પડે ને તો ઈશ્વર પણ થાકી જતો હશે,જ્યારે હું તો સતત વહેતી રહું છું, આંખથી અને મનથી પણ!

પ્રેમના સાયુજયની પળોને વાગોળું છું,પણ એ હવે જાણે ખંડેર હવેલીનાં સૂસવાટા માં ફેલાઈ ગયો છે.

ખુદની ખુમારી એટલે જ જબરદસ્ત રાખું છું.મારી જાતને એકાંતમાં વ્યસ્ત રાખું છું. ક્યારેક હું જ મને નથી મળતી,જ્યારે મારે જ જરૂર હોય છે મારી!

અવનવા રોલ ભજવી હવે કિનારે આવી છું. જિંદગીનો છેલ્લો રાગ ગાઈ વિસામો લેવો છે.

માછલીઘરમાં પાણીને દરિયો માનવાની ભૂલ કરી કેટલી વેદના વેઠે છે એ માછલીઓ, બસ એવું જ જીવનનું છે. મૃગજળને સુખ માનવાની ભૂલ થાય છે.છતાં જાત સાથે જીવવાની ઈચ્છા થાય છે.

લિ.કલ્પનાની કલ્પના

---

**NOG SS NO. :- 0076**

વિભાગ :- ગદ્ય

વિષય :- પત્રલેખન

શીર્ષક :- મા નો દીકરીને પત્ર

મા નો દીકરીને પત્ર

બેટા આજનાં તારા આ જન્મદિવસ નિમિત્તે મારે તને ગિફ્ટમાં મારા આ શબ્દો જ આપવા છે. આ એ શબ્દો છે જે હું તારા સુધી પહોંચાડવા તો માંગતી હતી પણ ક્યારેક લાગણીવશ તને ભેટી જરૂર પડી પણ કહી ન શકી... આમ જો તો આ દુનિયા ખૂબ જ સુંદર છે, છતાં નિષ્ઠુર પણ છે. કપટી અને સ્વાર્થી છે આ દુનિયાનાં લોકો...

મારી ભલીભોળી દીકરી સુખેથી ગૌરવભેર જીવી શકશે ?દુઃખ તેને દૂરથી પણ સ્પર્શી તો નહીં જાય ને ?આવી અગણિત કાંઈ કેટલીય ચિંતાઓ મને ઘેરી વળે છે. અને આ બધી ચિંતાઓના કારણે ઘણીવાર પ્રેમથી તો ક્યારેક ગુસ્સાથી કેટલાય જિંદગીનાં પાઠ તને શીખવતી રહી છું.એમનો એક પાઠ તને આજે અહી સમજાવી રહી છું.

આજકાલ વિદેશી સંસ્કૃતિનું આંધળું અનુકરણ થઇ રહ્યું છે આ વેલેન્ટાઇન વિકના નામે, પ્રેમના સાત દિવસ...! શું પ્રેમ ફક્ત સાત દિવસ પૂરતો સીમિત હોય ખરો? શું પ્રેમની અભિવ્યક્તિ ફક્ત આ સાત દિવસ જ હોય? બાકીના દિવસોમાં પ્રેમ અભિવ્યક્ત ના થઇ શકે? મને તો એ નથી સમજાતું કે પ્રેમના સાત દિવસ છે કે આ સાત દિવસ પૂરતો જ પ્રેમ? તું સમજે છે ને બેટા હું શું કહેવા માંગુ છું? પ્રેમ એક સુંદર અનુભૂતિ છે, એક સુંદર અહેસાસ, પ્રેમનો આમ દેખાડો ના હોય બેટા, આવા કહેવાતા પ્રેમની ખોટી માયાજાળમાં તું નહી ગુંચવાય એ આશા રાખું છું. તું ખૂબ ડાહી અને સમજું છે. મમ્મીનાં આ "ભાષણ", મારી વ્યર્થ લાગતી ચિંતા અને ક્યારેક મુકાયેલા અણગમતા પ્રતિબંધ પાછળનો મર્મ તું ખૂબ સારી રીતે સમજે છે .

જ્યારે હું તારી ઉંમરની હતી, ત્યારે મને આવા પાઠ સમજાવવા માટે મારી પાસે મારી મા નોહતી, પણ તારી પાસે અને તારી સાથે હંમેશા હું છું, એક મા તરીકે પણ અને એક મિત્ર તરીકે પણ.

સાચા પ્રેમના એહસાસ અને દેખાડાની લાગણી વચ્ચેની પાતળી ભેદરેખા તું જોઈ શકે એ માટે આજે આ બધું લખુ છું. તું સમજી શકીશને મને અને મારી તારા પ્રત્યેની આ લાગણીને...! હું કદાચ પરફેક્ટ મા છું કે નહિ એ નથી જાણતી, પણ તું એક પરફેક્ટ દીકરી છે, અને તારા જેવી દીકરી પામીને હું મારી જાતને ધન્ય માનું છું.

બસ એટલું કહીશ કે હંમેશાં આગળ વધ, સ્ટ્રોંગ બન, બહુ સરળ ન બન. તું સ્ટ્રોંગ બનીશ તો હું સ્ટ્રોંગ રહીશ.

Love you so much my "લાડકી".

લિ. તારી મમ્મી.

પારૂલ ઠક્કર "યાદ"ભાવનગર

---

**NOG SS No : - 0068**

વિભાગ - ગદ્ય

શબ્દ - પ્રેમપત્ર, પ્રેમનો એકરાર , પ્રેમની અભિવ્યક્તિ

શીર્ષક - દિલથી લખેલ પ્રેમપત્ર!

પ્રિય ભોલેરામ,

કોઈ પણ સંબંધમાં કંઈ હોય કે ન હોય પણ મિત્રતા હોવી જરૂરી છે. જ્યારે કોઈ પણ સંબંધમાં મિત્રતા હોય તો એ સંબંધમાં એકબીજા પ્રત્યે લાગણી પણ હોય જ છે; અને લાગણી હોય તો બીજું જોઈએ શું? બસ આટલું જ પૂરતું છે. મને મારા જીવનમાં કોઈનો સાથ જોઈએ તો ફક્ત તમારો જ સાથ જોઈએ. ન કોઈ તમારા જેવું, ન તમારાથી વધુ કે ન તમારાથી ઓછું! બસ મને ફક્ત તમારો સાથ જ જોઇએ છે. હવે વાંચી રહ્યા છો તો થોડું હસો પણ ખરા! હા 'મારા ભોલેરામ' તમારી જ વાત કરું છું. મારા છો ને તમે? બોલો હવે , બોલો જલ્દી કંઇક! તમે કંઇ બોલો કે ન બોલો હું જ તમને કહું કે તમારી બધી જ વાતો મને ખૂબ જ પસંદ છે. હા, ક્યારેક નારાજ થઈ જાઉં છું ,પણ નફરત તો ક્યારેય નહી કરું. મને ખબર છે કે તમે મારા મૌનને પણ સમજો છો. મને ખબર નથી કે મને શું થયું છે? પણ તમને ખબર પડી જ જાય છે કે મને શું થયું છે. મારાથી વધુ તમે મને જાણો છો. હા ' 'મારા ભોલેરામ' તમને જ કહું છું. ' ચાંદ ' ને વાદળ જેવું આ દુનિયામાં કોઈ બીજું છે જ નહિ. ફક્ત તમે જ છો એ પણ ફક્ત મારા.

કોઈના માટે લખવું પણ કેટલું સરસ લાગે છે. કંઈ પણ હોય આજે મને સરસ લાગે છે. કંઇક લખવાં માટે પણ વિચારવું પડે છે પણ મને તમને લખવાં માટે વિચારવું નથી પડતું. તમે પોતે મારા લખાણમાં લખાઈ જ જાઓ છો. હું કંઈ પણ લખું છું તો તમે તો મનમાં છવાયેલા જ છો !

"મારા ભોલેરામ"! સવારની ચાયથી લઈને રાતની મીઠી વાતો અને ઊંઘમાં સપનામાં પણ તમે આવી જ જાઓ છો. આ કોઈ મારી કલ્પના નથી હકિકત છે. સાંભળો એક વાત છે જે મને ૧૦૦% સાચી લાગે છે.

"વાદળ ન હોત તો લગભગ,
ચાંદ એટલો સુંદર ન હોત!"

ચાંદ તમને શું લાગે છે? મને તો આ વાત બિલકુલ સાચી લાગે છે. કારણકે વાદળ તમે ન હોત તો લગભગ આ ચાંદનું કોઈ અસ્તિત્વ જ ન હોત. તમે છો તો હું છું, નહિ તો હું કંઈ પણ નથી.મને લખવું ખૂબ ગમે છે પણ શર્ત એટલી કે મારા લખાણમાં તમે હો! એવું નથી કે મને ફક્ત તમારાથી જ પ્રેમ છે. મને આપણાં પરિવારમાં બધાં લોકો પ્રત્યે પ્રેમ છે. હું જીવું છું તો તમારા માટે , કંઇક લખું છું તો તમારા માટે. મને લાગે છે કે પ્રેમ વિશે લખવું ગમે છે પણ મને સૌથી વધુ તમારા માટે (પ્રત્યે) પ્રેમ છે તો મને તમને લખવું ગમે છે . મને પોતાને નથી ખબર કે કેટલો પ્રેમ છે? પણ પ્રેમ છે!

"કંઇક તો અલગ વાત છે તમારામાં,
જે મને વારંવાર તમારી બનાવે છે ".

ચાંદ

મને પોતાને નથી ખબર કે હું વારંવાર તમારી જ કેમ બનું છું. તમે જ મને પ્રેમના પાઠ ભણાવો છો. તમે જે કંઈ અનુભવ કરો છો , એ હું પણ અનુભવું જ છું એ વાત જરૂર યાદ રાખજો. મને તમારી દરેક વાતમાં જોડાવવું છે. હું ઘણું બધું લખું છું, મારી પાસે ઘણાં બધાં શબ્દો છે, પણ એ શબ્દો તમારા સુધી ન પહોંચે તો મારું લખવું એ વ્યર્થ છે!

" ચાંદ - વાદળ કોઈ વાતનાં મોહતાજ નથી, વાદળ ચાંદના લલાટનો સુંદર તાજ છે, ચાંદ વાદળનો ભૂતકાળ નહિ આજ છે , બસ આ જ એક રાજ છે!"

ચાંદ

"મારા ભોલેરામ" મારો આ દિલથી લખેલ પ્રેમપત્રનો સ્વીકાર કરજો.મને વિશ્વાસ છે કે મારા પ્રેમપત્રનો જવાબ હકારાત્મક જ હશે.હું ભૂલથી પણ તમને ભૂલી નહિ શકું. પોતાને ભૂલી જઈશ પણ તમને ક્યારેય નહી ભૂલી શકું "મારા ભોલેરામ".તમારી સાથે વિતાવેલ મીઠી યાદો, દિલમાં, મનમાં, ઊંઘમાં હંમેશા એમની એમ જ જીવિત રહેશે.

લિ.નાથબાવા ચાંદની સોમનાથ

"ચાંદ", માંડવી કચ્છ

---

**NOG SS NO - 0001**

વિષય - પ્રેમપત્ર....

વિભાગ - ગદ્ય.

શીર્ષક - પ્રેમ અમૃત.

' પ્રેમ 'ઈશ્વરની અદ્રશ્ય ભેટ છે.

' પ્રેમ' દરેક માટે અમૃત સમાન છે.

' પ્રેમ' શબ્દ અદ્ભૂત..! અઢી અક્ષરમાં જાણે આખું વિશ્વ સમાયેલ.

' પ્રેમ ' અનેક પ્રકારનાં હોઈ શકે. એકજ વ્યક્તિ અનેક સંબંધોનાં બંધનમાં સ્વેચ્છાએ બંધાઈ જાય છે. જેમ કે પતિ -પત્ની પિતા -પુત્રી, માતા- પુત્ર,ભાઈ -બહેન,મિત્ર...! આપણાં જીવનમાં ઘણાં એવા સબંધો હોય છે, જેમની સાથે આપણે કોઈપણ જાતનો સંબંધના હોય, છતાં પણ એમના પ્રત્યે અમુક પ્રકારની લાગણીઓ બંધાઈ જતી હોય છે. એમને જોવાના, સાંભળવાની, મળવાથી, અદકેરો આનંદ મળે છે. 'પ્રેમ' આપવાથી ' પ્રેમ ' મળે છે. 'પ્રેમ ' કરી કશું મેળવવાની ઈચ્છા વ્યર્થ છે.

'પ્રેમ 'તો ત્યાંગ,સમર્પણનું 'પ્રતિક' છે. 'ના અપેક્ષા ના ઉપેક્ષા'...!

'પ્રેમ' ની ચાહ પ્રભુને પણ હતી અને છે. આવાહન પૂજન કરો તો પ્રભુને પણ આવવું પડે.

પ્રેમ.. પ્રેમ.. સૌ કોઈ કહે,
સાચો પ્રેમ ના જાણે કોઈ..!

એકવાર જો સાચો પ્રેમ
કરે,જગતમાં જુદાં રહે ના કોઈ...!

પ્રદીપ રાવલ.સંચાલક.ગાંધીનગર

---

**NOG SS No :- 0080**

વિષય - સંતાન

ગદ્ય - એક પત્ર આત્મજને નામ

એક પત્ર આત્મજને નામ....

ચિ. આત્મજ,

કહેવાયું છે કે પ્રસવની પીડા સહન કરીને આત્મજને જન્મ આપવો એ નાકમાંથી નાળિયેર કાઢવા જેવી કપરી પીડા છે! અને આ ભયકંર પીડા દરેક સ્ત્રી ખુશીથી સહન કરી લે છે, પોતાના સંતાનને પામવા માટે.

દીકુ , તારા આગમનથી મારો મા તરીકેનો નવો જન્મ થયો.દરેકે દરેક ક્ષણમાત્ર હું તારા મય જ બની ગઈ. કઈ કેટલાય સપનાઓ સાથે...

બેટા, ઊંઘમાં તું સહેજ પણ સળવળતો ને, હું તરત ઝબકીને જાગી જતી, તારાં મુખમાંથી પહેલું વહેલું કાલુઘેલું વેણ.. બા... બા..એવું સાંભળીને હું તો ખુશીથી એકદમ પાગલ જેવી જ બની ગયેલી ! તને વ્હાલથી ચૂમી ભરી વરસી પડેલી!

અત્યારે કોઈ દિવસ અડધી રાતે મને ક્યારેક પીડા થાય છે, ત્યારે ઘણું સહન કરીને,કેટલાય વિચારો કર્યા પછી જ તને જગાડું છું.. તો વડચકાં સિવાય કોઈ સહાનુભૂતિ પામી શકાતી નથી!

તું જ્યારે પા.. પા.. પગલી ભરીને ડગુમગુ ચાલતો.. ત્યારે તું પડી ન જા એટલે હું અધીરી બનું.. ને તારા દરેક પગલે ઊંચા જીવે તારી પાછળ પાછળ દોડું... ક્યાંક મારાં કાનુડાને વાગી ન જાય!

મારાં ગોઠણ દુઃખે, સાંધામાં પીડા થાય, માત્ર તને વાત કરું.. તો.. 'કકળાટ કરમાં, દવા લઈ આવ'.. નાં લુખ્ખા વેણ..!

તને પહેલીવાર ભૂલકાઘરમાં મૂક્યો.. ત્યારે તું મારાંથી અલગ જ થઈ શકતો ન હતો. તું અંદર ક્લાસમાં રડે.. ને હું બહાર..!

આખો એક મહિનો તું સતત રડેલો.. માંડ માંડ મારાંથી વિખુટા પડતાં શીખ્યો. (આજે પણ એ યાદ કરીને મન ભરાઈ જાય છે.)

ભણાવી, પરણાવીને સદ્ધર કર્યો.. પાંખો આવી, ને તમે બન્ને શહેરમાં ઊડી ગયા!

પણ આજે તો પત્નીમય બની ગયેલો તું, એટલો બધો મોટો થઈ ગયો છે.. તને મારી લેશ માત્ર જરૂર નથી કે યાદ પણ આવતી જ નથી! પણ હું.. હું તને સતત ઝંખું છું. એટલે જ ફોન કરું છું.. તો..

' કાંઈ કામ છે? કામ હોઈ ઈ ફટાફટ બોલ! 'કહી ઝટપટ ફોન પૂરો થઈ જાય!

દીકરા , કામ તો કોઈપણ કરી આપે છે! પણ તારો અવાજ... ક્યાંથી પામું?પોતાના લાડલાનો અવાજ સાંભળવાની જીજીવિષા એક મા રોકી શકતી નથી! એટલે...!

જિંદગીમાં ભાગદોડ કરી કરીને માબાપ સંતાનોને વેલસેટ કરી દે, કે જેથી તેમને કાંઈ મુશ્કેલી ભોગવવી ન પડે! પછી એ જ સંતાનો જ્યારે માબાપની ભાળ લેતા નથી ત્યારે માબાપ અપસેટ બની જતા હોય છે!

દરેક આત્મજને ઈશ્વર સન્મતિ આપો.કોઈ પોતાના માબાપને પોતાનાથી ક્યારેય અળગા ન કરે, વૃદ્ધાશ્રમમાં ન મૂકે! બેટા,જીવનમાં તમે ઉત્તરોત્તર પ્રગતિ કરો, એવી ઝંખના કરતી..

લિ.તારું સર્વમંગલ ઇચ્છતી માનાં, આશીર્વાદ .

વર્ષા જાની,ભાવનગર

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની કામગીરી અંગે કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ

સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણીઓ ૨૮ ફેબ્રુઆરી-૨૦૨૧ માં યોજાવાની છે. જે અંતર્ગત અરવલ્લીના મોડાસા ખાતે કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને જિલ્લા કલેક્ટરશ્રી, અમૃતેશ ઔરંગાબાદકર અને ચૂંટણી નિરીક્ષકશ્રી, બી.જે.પટેલની ઉપસ્થિતિમાં બેઠક યોજવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકરે બધા વિભાગના નોડલ ઓફિસર જોડે ચર્ચા કરી હતી. જેમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં નિમણૂક કરેલા દરેક નોડલ ઓફીસરોએ ચૂંટણી લગતી કરવામાં આવેલી કામગીરીની વિગતો કલેક્ટરશ્રી સમક્ષ દર્શાવી હતી. જે અંતર્ગત નોડલે જણાવ્યું કે, નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અરવલ્લી દ્વારા રાજ્ય ચૂંટણી દ્વારા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે નક્કી કરવામાં આવેલ આદર્શ આચાર સંહિતાનો હજુ સુદીમાં કોઈ ભંગ થયો નથી. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, વિભાગ દ્વારા ધોરણ ૬ થી ૧૨ ના વિધ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા,નિબંધ સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું. જેમાં અવ્વલ આવનારને પ્રોત્સાહિત કરાશે. બસ, સ્ટેન્ડ,મંદિર, પેટ્રોલ પંપ પર સિગ્નેચર કેમ્પેન શરૂ કરાશે. મતદાન જાગૃતિ માટે જાહેર જગ્યાએ ૬ હજાર જેટલા સ્ટીકરો લગાવવામાં આવ્યા છે. ભિલોડામાં રેલીનું આયોજન કરાયું. મેઘરજમાં મહેંદી સ્પર્ધાનું આયોજન હાથ ધરાયું. પ્રાયોજના વહીવટદારશ્રી અરવલ્લીને માર્ગદર્શન કો-ઓર્ડિનેશન તેમજ ઇ. વી. એમ.ની એફ. એલ. સી. ની સુપરવીઝનની કામગીરી, પ્રિન્સિપાલશ્રી આઈ.ટી.આઈ.મોડાસા અરવલ્લીને ઇ. વી. એમ. મેનજમેન્ટની કામગીરી, નાયબ પોલીસ અધિકારીશ્રી અરવલ્લીને કાયદો અને વ્યવસ્થા અંગેની કામગીરી, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ અરવલ્લીને ઑબ્ઝર્વર્સની નિમણૂક કરવાની કામગીરી, જિલ્લા આયોજન અધિકારીશ્રી અરવલ્લીએ જણાવ્યું કે, મતદાર જાગૃતિ કાર્યક્રમ હેઠળ ૭૦ થી ૮૦ ગામોમાં મતદાન અંતર્ગત શપથ લેવડાવ્યા છે. કોરોનાને લઈને ગાઈડલાઈનનું પાલન થાય છે. એન. આઈ. સી. અને આઈ. સી. ટી ઓફિસરશ્રી અરવલ્લીને કોમ્પ્યુટરાઈઝેશન તથા ઇ-ડેશબોર્ડમાં ડેટાએન્ટ્રીની કામગીરી, જિલ્લા તિજોરી અને તાબાના પેટા તિજોરી તમામ અધિકારીશ્રીઓને હિસાબી બાબતની કામગીરી, ચીટનીશ ટુ કલેક્ટરશ્રી અરવલ્લીને હેલ્પલાઈન અને ફરિયાદ નિવારણની કામગીરી, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને સ્ટાફ એન્ડ ટ્રેનિંગ મેનજમેન્ટની કામગીરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીને વાહનોના સંપાદનની કામગીરી, પ્રયોજના વહીવટદારશ્રી ટી. એસ. પી. અને જિલ્લા રજીસ્ટારશ્રી સહકારી મંડળીઓ ને મટીરીયલ મેનેજમેન્ટની કામગીરી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને પોસ્ટલ બેલેટ,બેલેટ પેપર, ડમી બેલેટ પેપરની કામગીરી, નાયબ માહિતી અધિકારીશ્રીને મીડિયા મેનેજમેન્ટની કામગીરી,જિલ્લા રમતગમત અધિકારીશ્રીને કોમ્યુનિકેશન પ્લાનની કામગીરી, તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી અરવલ્લીને તમામ મતદાન મથકો ઉપર કોવિડ -૧૯ ને લગતી તમામ કામગીરી અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરશ્રી જણાવ્યું કે, દરેક અધકારીઓએ બાકી રહેલી કામગીરી સમયસર પૂર્ણ કરવા અને કોઈ પણ કામગીરી જે વિભાગને સોંપવામાં આવી છે તે કોઈ એક વ્યક્તિ પર નિર્ભર ન રહે. અને મતદાન સમયે મતદારો મતદાન કરવા આવે તે સમયે કોરોનાની ગાઈડ લાઈન પ્રમાણે મતદાન થાય તેનું ખાસ ધ્યાન રાખવા અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી આર.જે.વલવી સહિત પંચાયતની વિવિધ બેઠકોના આર.ઓ.તથા નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર જીલ્લા વિશ્વ હિન્દુ પરિષદ ના આગેવાન કિરીટ પરમાર ભાજપ નો પચાર કરતા નજરે પડયા સુ વિશ્વ હિન્દુ પરિષદ ભાજપ ની પચાર માટે હિન્દુત્વ માટે નથી સુ વિશ્વ હિન્દુ પરિષદ સેવા કરો અને સુ ભાજપ ની સેવા કરવા બન્યા છો




સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અન્વયે આજે માન.પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલજીની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત ઐતિહાસિક "રોડ શો" ને સફળ બનાવવા માટે કર્ણાવતી ભાજપના અને યુવા મોરચાના સર્વે કર્મઠ કાર્યકર્તાઓને અભિનંદન.

આ રોડ શોના આયોજન થકી દરેક કાર્યકર્તાઓમાં એક નવીન ઊર્જાના સંચાર સાથે નાગરિકોનો ભાજપ પ્રત્યેનો વિશ્વાસને વધુ દઢ બન્યો છે.ગુજરાત મક્કમ ભાજપ અડીખમ

ફોટો સ્ટોરી કુશલ ભાઈ ભટ્ટ

## વડગામના પરખડીનું પરિવાર આત્મવિલોપન કરવા પેટ્રોલ લઈ કલેકટર કચેરી પહોંચ્યુ

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

વડગામ તાલુકાના પરખડી ગામની એક બ્રહ્મ સમાજની યુવતીની એક શખ્સ દ્વારા તેના મિત્રોના સાથ સહકારથી અપહરણ કરી લઈ ગયા હતા.જેને લઇ પરિવારે બે દિવસ અગાઉ કલેકટરમાં આવેદનપત્ર પાઢવી આત્મવિલોપનની ચીમકી આપી હતી.જેને લઇ શુક્રવારે માતા-પિતા પેટ્રોલ લઈ કલેકટર કચેરી પહોંચ્યા હતા પરંતુ પોલીસે તેમની અટકાયત કરી પોલીસ સ્ટેશનમાં લઇ જવાયા હતા. વડગામના પરખડી ગામની એક બ્રહ્મ સમાજની દીકરીનું અપહરણ થયું હતું.જેને દીકરીના માતા પિતા શુક્રવારે કલેકટર ઓફિસમાં પેટ્રોલનો બાટલો લઈ આવ્યા હતા.માતાપિતા એ કહ્યું કે ×મારી દીકરી પાછી આપો નહીતર અમે અહીંયાંજ પેટ્રોલ છાંટી મરી જઈશું×પરંતુ માતા પિતા આત્મવિલોપન કરે એ પહેલાં પચીમ અને પૂર્વ પોલીસે પેટ્રોલનો બાટલો ઝુંટવી લીધો હતો.અને માતા પિતાને પોલિસ વાનમાં બેસાડવામાં આવ્યા હતા પરંતુ માતા પોલીસ વાન નીચે ઢળી પડી હતી.અને પિતાને ચક્કર આવતા પોલીસ વાનની સીટમાં સૂઈ ગયા હતા.ત્યારબાદ પોલીસે બન્ને માતા પિતાને પચીમ મથકે લાઇ જવાયા હતા.



ગાંધીનગર મનપાના આગામી બજેટમાં મહાનગરના વિવિધવોર્ડ/વિસ્તારોમાં જનકલ્યાણકારી અને વિકાસલક્ષી કાર્યોના સમાવેશ અંગે પરામર્શ કરવા મેયર શ્રીમતી રીટાબેન પટેલ અને શહેર ભાજપ પ્રમુખ શ્રી ઋચિર ભટ્ટની ઉપસ્થિતિમા સેક્ટર-૧૧ સ્થિત મેયરશ્રીના કાર્યાલયખાતે બેઠક યોજાયી

## બાઈક રેલીઅને જાહેર સભાનું આયોજન ઠેર ઠેર ભવ્ય સ્વાગત. કરાશે

# ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલનું ૨૧મીએ રાજપીપળામા આગમન,ચૂંટણી પ્રચાર માટે ભવ્ય રોડ શો



રાજપીપળા, તા ૧૯

સ્થાનિક સ્વરાજ ની ચૂંટણી ના સ્ટાર પ્રચારક ગુજરાત પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ પહેલી વાર રાજપીપળા પધારી રહ્યા છે તેમના સ્વાગતમાટેની તડામાર તૈયારી શરૂ કરવામા આવી છે . નર્મદા જિલ્લા પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલના જણાવ્યા અનુસાર તારીખ ૨૧/૨/૨૦૨૧ ના રવિવાર ના રોજ રાજપીપલા ખાતે બપોરે ૨ વાગે ભીલ રાજા ની પ્રતિમાથી ભવ્ય રોડ શો કરશે.નીકળશે. જેમા મોટી સંખ્યા મા કાર્યકર્તાઓ જોડાશે.આ રોડ શો સૂર્ય દરવાજા થી સ્ટેશન રોડ થઈને માં હરસિદ્ધિ ના આશીર્વાદ લઈને જિન કમ્પાઉન્ડમાં ૪ વાગે જાહેર સભા યોજાશે.જેમાપાર્ટી ના કાર્યકર્તાઓ અને જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાના તમામ ઉમેદવારો ઉપસ્થિત રહેશે .જેમા રાજપીપળા ,નર્મદાના બુધ્ધિજીવીઓ ભાજપમાં જોડાશે. ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટીલ આગામી ૨૧ ફેબ્રુઆરી વારે નર્મદા જિલ્લાના રાજપીપલા ખાતે આવનાર છે ત્યારે ભાજપ કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવશે. જે માટે જિલ્લા બીજેપી કાર્યાલય ખાતે કાર્યકર્તાઓ ને જિલ્લા પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ તથા મહામંત્રી નીલ રાવ એ માર્ગદર્શન આપ્યું હતું .પ્રદેશ અધ્યક્ષ પાટીલ રવિવારે બપોરે ૪ કલાકે રાજપીલા હેલિપેડ પર આવી પહોંચશે જયાં સ્થાનિક કાર્યકર્તાઓ દવારા તેમનું સ્વાગત કરાશે અને ત્યાંથી તેઓ ભીલરાજા ના સ્ટેટચુએ આવી ભીલ રાજાને પ્રણામ ફુલહાર કરશે.ત્યારબાતેઓ લાલટાવર પાસે જશે જયાં વોર્ડ ના આગેવાનો અને લઘુમતી સમાજદ્વારા પ્રદેશ અધ્યક્ષનું સ્વાગત કરવામાં આવશે .ત્યાંથીજ એક ભવ્ય બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યુ છે .જેમાં તાલુકા દીઠ ક્રમબદ્ધ બાઈક દવારા કોરોનાની ગાઇડલાઇન ને અનુસરીને બાઈક રેલી નીકળશે .જેમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ જોડાશે રેલી આગળ સૂર્ય દરવાજા પહોંચશે જ્યાં રાજપુતસમાજ અને અન્ય કાર્યકરો દ્વારાપ્રદેશ અધ્યક્ષનું સ્વાગત કરવામાં આવશે .ત્યાંથી

રેલી સફેદ ટાવરે પહોંચશે જયાં સ્થાનિકો અને ઉમેદવારો દ્વારારા તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ત્યાંથી બ્રહ્મા કુમારી સેવાકેન્દ્ર પાસે અને નાગરિકબેંક પાસે પણ સ્વાગત બાદ રેલી માછીવાડ પહોંચશે. અને ત્યાં પણ સ્વાગતબાદ સી.આર,પાટીલ બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા ને પુષ્પ માળા અર્પણ કરી હરસિદ્ધિ માટે દર્શન કરવા જશે .જ્યાં રેલી પૂર્ણ થશે .ત્યાર બાદ એપીએમસી ખાતે સાંજે ૫ વાગે જાહેર સભાને પ્રદેશ અધ્યક્ષ સંબોધન કરશે. રાજપીપળામાં નીકળનાર અત્યારસુધી ની શૌથી લાંબી રેલી માં ભાજપનો ધ્વજ લગાવવામાં આવશે . તો સાથે જ સ્ટેશન રોડ પાર આવતા તમામ મકાનો પરથી પુષ્પ વર્ષ પણ કરવામાં આવશે . સીઆર પાટીલની રેલી માટે ખાસ ખુલ્લી જીપ સજાવવામાં આવશે . આ જીપ ની પાછળ અને આગળ લગભગ ૪૦૦ બાઈક રેલીનો કાફલો હશે . તથા જિલ્લાના કાર્યકર્તાઓ આ રેલીમાં જોડાશે. કોરોનાની મહામારી વચ્ચે સાવચેતીના તમામ નિયમો સાથે રેલીનું આયોજન કરાશે.

તસવીરઃ જયોતિ જગતાપરાજપીપળા

## સ્પેશ્યલાઈઝડ એડોપ્શન એજન્સી પાલનપુર દ્વારા બે બાળકોને બિહારના દંપતિને દત્તક અપાયા

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

સ્પેશ્યલાઈઝડ એડોપ્શન એજન્સી, પાલનપુર સમાજ સુરક્ષા ખાતા દ્વારા સંચાલિત સરકારી સંસ્થા છે. આ સંસ્થામાં સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ ૦ થી ૬ વર્ષના કાળજી અને રક્ષણની જરૂરીયાતવાળા અનાથ, નિરાધાર, ત્યજાયેલ અને સોંપાયેલ બાળકોને રાખવામાં આવે છે. જે સંસ્થા બાળકોને આરોગ્ય, શિક્ષણ, ભોજન, મનોરંજન, લાગણી, પ્રેમ અને હુંફ મળે તથા તેમનો વિકાસ થાય તેવી કામગીરી કરે છે. ઉપરાંત સંસ્થા દ્વારા ૦ થી ૧૮ વર્ષના અનાથ બાળકોને દત્તકમાં આપવાની કામગીરી હોય છે.




જે અંતર્ગત તારીખ ૧૭ ફેબ્રુઆરી-૨૦૨૧ના રોજ સ્પેશ્યલાઈઝડ એડોપ્શન એજન્સી, પાલનપુર ખાતે ચાઈલ્ડ વેલફેર કમીટીના ચેરમેનશ્રી અનિકેતભાઈ ઠાકર, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી ડૉ. એન. વી. મેણાત, ડ્યુક પાઈપ પ્રા.લી.ના ડાયરેક્ટરશ્રી દિનેશભાઈ પટેલ, શહેરના દાતાશ્રીઓની ઉપસ્થિતિમાં સ્પેશ્યલાઈઝડ એડોપ્શન એજન્સી પાલનપુરનો બાળક અનિલ ઉં. વ. આ. ૫ વર્ષ અને ચિલ્ડ્રન હોમ પાલનપુરનો બાળક બાબુ ઉં. વ. આ. ૧૦ વર્ષને બિહારના દંપતિને દત્તક આપવામાં આવ્યા છે. આ કાર્યક્રમાં ઉપસ્થિત મહેમાનશ્રીઓ દ્વારા બાળક દત્તક લેનાર બિહારના દંપતિને અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં. તેમજ બાળકોના ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ વ્યક્ત કરી હતી

. ઉલ્લેખનીય છે કે, આ બંન્ને બાળકો સગા ભાઈ હોવાથી એક જ પરિવારમાં દત્તકમાં આપવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં સંસ્થાને હર હંમેશ મદદરૂપ થનાર દાતાશ્રીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

## સેક્ટર ૭ના રીંગ રોડને પહોળો કરવામાં માત્ર 3 વૃક્ષ દુર કરાશે

ગાંધીનગરઃ

મહાનગર પાલિકા દ્વારા શહેર વિસ્તારમાં વધતા ટ્રાફિકના ભારણ અને તેના કારણે સેક્ટર વિસ્તારમાં પણ વધતા જતાં અકસ્માતના બનાવોની વાતને ગંભીરતાથી લઇને સ્માર્ટ સિટી પ્રોજેક્ટ સેક્ટરના રીંગ રોડને પહોળા કરવાની યોજના હાથ ધરાઇ છે. ત્યારે રસ્તાને પહોળા કરવા દરમિયાન ઓછામાં ઓછી વૃક્ષની હાની થાય તે જોવા મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા અધિકારીઓને તાકીદ કરવામાં આવી છે. આગામી દિવસોમાં સેક્ટર ૭માં આંતરિક મુખ્ય માર્ગને પહોળો કરવામાં આવનાર છે. ત્યારે નવેસરથી તૈયાર કરાયેલી ડિઝાઇનમાં હવે માત્ર ૩ વૃક્ષોને જ દુર કરવામાં આવશે. અહીં આંતરિક મુખ્ય માર્ગ પહોળો કરવા માટે જગ્યા/પહોળાઇ અન્ય સેક્ટર કરતા ઓછી હોવાથી તેને ફોરલેન કરવાના બદલે ૧૦ મીટર પહોળો કરવાનું આયોજન કરાયુ છે. તેના પગલે રોડની વચ્ચે સેન્ટ્રલ વર્જ કરવાની પણ રહેતી નથી.

ઇજનેરી શાખાના અધિકારીના જણાવ્યા મુજબ સેક્ટર ૭માં રીંગ રોડ હાલમાં ૭ મીટરની પહોળાઇનો છે. વસતી અને વાહનોમાં વધારો થયો છે. ત્યારે વધતા જતા ટ્રાફિકના ભારણને ધ્યાને રાખીને આ રોડને ૧૦ મીટર પહોળો કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. રોડને બન્ને બાજુ પર મળીને ૩ મીટર પહોળો કરવામાં આવશે. આ દરમિયાન ઓછામાં ઓછા વૃક્ષો ખસેડવા પડે તે વાતનું ધ્યાન રાખવામાં આવ્યું છે. હવે વન વિભાગના પરામર્સમાં રહીને કામગીરી કરવામાં આવી રહી છે. મેયરશ્રી દ્વારા કોઇપણ સેક્ટરમાં રોડને પહોળા કરવાની કામગીરી વખતે વધુને વધુ વૃક્ષો બચે તે પ્રકારે આયોજન કરવાની તાકીદ કરવામાં આવી છે.

## અરવલ્લી જિલ્લામાં ૫૪૭ મતદારોએ ઇ-એપિક ડાઉનલોડ કર્યું


સમગ્ર રાજયમાં સ્થાનીક સ્વરાજની સામાન્ય ચુંટણી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ યોજાવાની છે. જે અંતર્ગત ચુંટણીને લઇને અરવલ્લી મતદારયાદી સુધારણા કાર્યક્રમમાં નવા નોંધાયેલા યુવા મતદારો ડીજીટલ સ્વરૂપમાં પોતાના ચુંટણી કાર્ડ ડાઉનલોડ કરી શકે તે માટે રાષ્ટ્રીય મતદાતા દીવસે ચુંટણીપંચ દ્વારા ઇ-એપીક લોન્ચ કરાઇ છે. જેમા જિલ્લામાં ૫૪૭ મતદારોએ ડીજીટલ ચુંટણી કાર્ડનો લાભ લીધો છે. યુનિક મોબાઇલ નંબર ધરાવતા નવા મતદારો e-EPIC ડાઉનલોડ કરી શકાશે. જે અંતર્ગત હાલ યુનિક મોબાઇલ નંબર ધરાવતા નવા મતદારો તેમના ઇ-એપીક કાર્ડ ડાઉનલોડ કરી શકાશે.

આ ઇલેક્ટોનીક ચુંટણી કાર્ડને ડાઉનલોડ કરીને ડીજીટલ સાચવી શકાશે. અરવલ્લી જિલ્લામાં કુલ ૧૪૧૯ યુનિક મોબાઇલ નંબર ધરાવતા યુવા મતદારો નોંધાયા છે. જે પૈકી અત્યાર સુધીમાં ૫૪૭ મતદારોએ આ કાર્ડ ડાઉનલોડ કર્યા છે. ૩૦-ભિલોડા મતદાર વિભાગમાં ૩૨૩ મતદાર. ૩૧-મોડાસા મતદાર વિભાગમાં ૧૬૪ મતદાર,૩૨-બાયડ મતદાર વિભાગમાં ૬૦ મતદારનો સમાવેશ થાય છે. ચુંટણી પાંચ દ્વારા આ કાર્ડ ડાઉનલોડ કરવાની સમય મર્યાદા વધારીને ૨૮ ફેબ્રુઆરી કરવામાં આવી છે. આગામી સમયમાં ભારતના ચુંટણી પંચ દ્વારા તમામ મતદારો માટે e-EPIC ની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવનાર છે. જેથી તમામ મતદારો ડીજીટલ ચુંટણી કાર્ડ ડાઉનલોડ કરી શકશે. અત્રેના જિલ્લાના તમામ તાલુકામાં મામલતદાર કચેરીમાં જનસેવા કેન્દ્ર ખાતે e-EPIC હેલ્પ ડેસ્કની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જયાં e-EPIC ડાઉનલોડ કરવા માટે મતદારોને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે. ચુંટણી કાર્ડ ડાઉનલોડ કરવા માટે http://nvsp.in , http://voterportal.eci.govt.in તથા voter helpline mobile એપ્લીકેશનનો ઉપયોગ કરવાનો રહેશે. જિલ્લાના મતદારોને ચુંટણી પંચ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલી આ સુવિધાનો મહત્તમ લાભ લેવા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રી અરવલ્લી દ્વારા અપીલ કરવામાં આવી છે.

## સ્ટેચયુ ઓફ યુનિટી ખાતે ૫૬૨ દેશી રજવાડાઓ ના યોગદાનને દર્શાવતા સંગ્રહાલય બનશે

રાજપીપળા, તા ૧૯

ગુજરાત સરકાર રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગદ્વારા તાજેતરમા એક નવો ઠરાવ પસાર કરીને નિયામકશ્રી, પુરાતત્વ અને સંગ્રહાલયની કચેરી દ્વારા સ્ટેચયુ ઓફ યુનિટી, કેવડીયા ખાતે ૫૬૨ દેશીરજવાડાઓના યોગદાનને દર્શાવતા સંગ્રહાલય તૈયાર કરવાનો સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવેલ છે.આ સંગ્રહાલય વિશ્વનું પ્રથમ આ પ્રકારનું સંગ્રહાલય તૈયાર થશે. દેશી રજવાડાઓ દ્વારા ભારતના સાંસ્કૃતિક વારસા અને વિરાસતને સાચવવા અને પેઢી દર પેઢી આ વારસાને આગળ ધપાવવાનું ભગીરથ કાર્ય કરેલ છે. જેને આ સંગ્રહાલયમાં પ્રદર્શિત કરવામાં આવનાર છે. આ બાબતોને ધ્યાને રાખી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા એવીસ્ટેચ્યુ ઓફ યુનિટિના પ્રાંગણમાં તેમની પ્રતીભાને શોભાવે તેવું ઉત્તમ કક્ષાનું સંગ્રહાલય તૈયાર કરવાનુંઆયોજન છે. મુખ્ય મંત્રીની અધ્યક્ષતામાં તારીખઃ૨૨/૦૧/૨૦૨૧ના રોજ યોજાયેલ બેઠકમાં આ સંગ્રહાલયના હેતુને યોગ્ય ન્યાય મળી રહે તે માટે



પહેલા જરૂરી તમામ પક્ષકારોને સમાવતી એક સમિતીની રચના કરવામાં આવે તેમ સૂચન કરવામાં આવ્યુ હતું. જે મુજબ સ્ટેચયુ ઓફ યુનિટી, કેવડીયા ખાતે ૫૬૨ દેશી રજવાડાઓના યોગદાનને દર્શાવતા સંગ્રહાલય તૈયાર કરવા અંગેની સાત રાજવી પરિવારના સભ્યોની સમિતીની રચના કરવામાં આવી છે.જેમા એસ. એસ. રાઠોર (પુર્વ અધિક મુખ્ય સચિવ અને પુર્વ રાજપરિવાર સદસ્ય, વલાસના, તેમજશ માંધાતા સિંહ પુર્વ રાજપરિવાર સદસ્ય, રાજકોટ, તેમજ રઘુવીરસિંહ પુર્વ રાજપરિવાર સદસ્ય, સીરોહી,તથા શ્રીમતી દિયા કુમારી પુર્વ રાજપરિવાર સદસ્ય, જયપુર, શ્રી કરણી સિંઘ જસોલ નિયામક, મેહરાનગઢ મ્યુઝિયમ ટ્રસ્ટ, જોધપુર, ડૉ. અંગમા ઝાલા (હાર્વર્ડ યુનિવર્સિટીમાં ઈતિહાસના પ્રોફેસર ।અને પુર્વ રાજપરિવાર સદસ્યશ્રી, ધ્રાંગધ્રા, ડૉ. પંકજ એ. શમા નિયામક, પુરાતત્વ અને સંગ્રહાલયનો સમિતિ મા સમાવેશ કરવામાઆવ્યો છે . જો કે રિયાસતી રાજવી સ્ટેટ રાજપીપળા ના રાજાએ ૫૬૨દેશી રજવાડા ને એકત્ર કરવામા અગ્રીમ ભૂમિકા ભજવી હતી અને સૌથી પહેલી સહી કરીને જોડાયા હતા એવા નર્મદા જિલ્લા મા જ ઘર આંગણે સંગ્રહાલય બની રહ્યું છે ત્યારે રાજપીપળા ના રાજવી પરિવાર ના રાજવી સદસ્ય મહારાજા રઘુવીર સિંહ ગોહિલ અને શ્રીમતી રૂક્ષમિણી દેવી ગોહિલ સ્થાનિક રાજવી પરિવાર ની આ સમિતિમાથી બાદબાકી થતા આશ્ચર્યસૌને આશ્ચર્ય સર્જાયું છે.

તસવીરઃ જયોતિ જગતાપરાજપીપળા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.